# મારા પસંદ કરેલા

જગત સિંગ

# MY CHOSEN

( Gujarati )

# મારા પસંદ કરેલા

ભક્તસીંગ

*

પ્રથમ આવૃત્તિ : માર્ચ ૧૯૭૬

લેખક તથા પ્રકાશક : ભાઈ બક્તસીંગ

હેબ્રોન ગોલકોંડા ચાર રસ્તા, હૈદ્રાબાદ (આંધ્ર પ્રદેશ)

મુદ્રક અને મુદ્રણસ્થાન : જૈનાનંદ પ્રિ. પ્રેસ,
મોતનબેન મોહનલાલ બદામી, દરિયામહેલ, સુરત–૩૦૫૦૦૩

## પ્રકરણ : ૧
# જગતમાંથી પસંદ કરાએલા

"મેં તમને પસંદ કર્યા છે." યોહાન ૧૫ : ૧૬.

દેવનાં બાળકો માટે આ શબ્દોમાં વિશેષ અને અદ્દભૂત અર્થ સમાએલો છે, અને આપણામાંના દરેકની આ દૈનિક પ્રાર્થના હોવી જોઈએ : "ઓ પ્રભુ, મારા જીવનમાં આ શબ્દો સત્ય બની જાય; અને તે કેવળ આજ પુરતું જ નહિ પણ હરરોજને માટે હોય એવું હું ચાહું છું."

જો ખરેખર આપણે દેવ દ્વારા પસંદ કરાએલા છીએ. તો આપણી મુશ્કેલી કે સમસ્યા ગમે તે હોય તો પણ દેવ અવશ્ય તેનો ઉકેલ લાવશે. આપણે ચાહે તારણ પામેલાં હોઈએ કે નહિ, વિશ્વાસમાં યુવાન હોઈએ કે વૃદ્ધ, આત્મિક રીતે વૃદ્ધિ પામતાં હોઈએ કે નહિ અને આત્મિક રીતે પુખ્ત હોઈએ કે નહિ, આપણ સૌને સમસ્યાઓ હોય છે, અને આ પૃથ્વી પરના અંતિમ દિવસ સુધી સમસ્યાઓ એક બીજા સ્વરૂપમાં રહેવાની જ. આપણને એવું વચન અપાએલું નથી, કે જો પ્રભુ પર વિશ્વાસ કરીશું તો આપણે તમામ સમસ્યાઓ અને મુશ્કેલીઓથી મુકત થઈ જઈશું. એથી ઉલટું આપણને વધતી મુશ્કેલીઓ અને વધારે મોટી સમસ્યાઓનો સામનો કરવો પડે. પરંતુ, હું માનું છું, કે આ શબ્દોમાં આપણ સૌને માટે દેવનો જવાબ છે. "મેં તમને પસંદ કર્યા છે," આપણા પ્રભુએ આપણને પસંદ કર્યા છે તેનો વિચાર કરીએ છીએ ત્યારે કેવાં આશ્વાસન અને ખાત્રી આપણને પ્રાપ્ત થાય છે! આપણાં પડોશીઓ કરતાં આપણા વિષે તે વધુ જાણે છે; આપણાં આંતરિક સડા, ભ્રષ્ટતા, નિષ્ફળતા અને સીમાબદ્ધતાને તે જાણે છે, આપણે

કેવી રીતે તેને નિષ્ફળ ગયા છીએ અને તેને દુઃખ પહોંચાડયું છે તે પણ તે જાણે છે અને છતાં આપણે જેઓ તેના લોહી દ્વારા ખરીદાયાં, ઉદ્ધાર પામ્યા અને શુદ્ધ થયા છીએ તેઓને તે આ શબ્દો કહે છે.

'મેં તમને જગતમાંથી પસંદ કર્યા છે." યોહાન ૧૫ : ૧૯ જેઓને પ્રભુએ ખચીત પસંદ કર્યા છે તેઓને આ શબ્દો સંબોધવામાં આવ્યા છે. એફેસીઓને લખેલા પત્રમાં, દેવના લોકોનું વર્ણન કરવા માટે પ્રેરિત પાઉલ સાત નામ વાપરે છે. તેઓને, મંડળી, તેનું શરીર, એક નવું માણસ, દેવનું કુટુંબ, દેવની કૃતિ, પવિત્ર મંદિર અને ખ્રિસ્તની કન્યા, કહેવામાં આવ્યા છે. શા માટે તે દેવના લોકોને 'મંડળી'નું નામ આપે છે? એફેસી ૧ : ૨૨. ગ્રીક ભાષામાં મંડળી માટે 'એકલેસીયા' શબ્દ છે જેનો એક વિશેષ અર્થ છે. પ્રભુએ યોહાન ૧૫ : ૧૯માં જ્યારે કહ્યું કે 'મેં તમને જગતમાંથી પસંદ કર્યા છે,' ત્યારે તેમાં અસલ વિચાર એવો છે, કે 'મેં તમને જગતમાંથી ભેગા કર્યા છે,' આ એક વજનદાર શબ્દ છે. 'કોઈ મિત્રને પસંદ કરૂં એ રીતે મેં તમને પસંદ કર્યા છે,' એવો સાધારણ અર્થ તેમાં સમાએલો નથી. પ્રભુએ જે શબ્દ વાપર્યો છે તેનો અર્થ એવો થાય છે કે, "પુષ્કળ સામર્થ્યથી મેં તમને બહાર ખેંચી કાઢ્યા છે." બીજા શબ્દોમાં કહીએ તો, આ જગતમાંથી આપણને ખેંચી કાઢવા માટે પ્રભુને પોતાની પરાક્રમી શકિતનો ઉપયોગ કરવો પડે છે 'એકલેસીયા'નો અર્થ એ છે.

ધારો કે તમે કોઈ એવી કાદવવાળી જગ્યા પર જઈ રહ્યા છો, જે ઉપરથી તો ઘાસથી ઢંકાયેલી છે પણ નીચે ચીકણો કાદવ છે. તેના ઉપર ચાલવાનું શરૂ કરો તો દરેક પગલે તમે તે ચીકણા કાદવમાં ઉંડે અને ઉંડે કળતા જશો. બહાર નીકળવાનો જેટલો વધારે પ્રયત્ન તમે કરશો તેટલા તમે વધારે કળતા જશો. કલ્પના કરો કે એક બહુ મોટો

હાથી આવા કાદવમાં ખૂંપી રહ્યો છે અને બહાર નીકળવા માટે સખ્ત ગડમથલ કરી રહ્યો છે. જેટલી વધારે ગડમથલ તે કરે તેટલો જ વધારે ઉંડો તે કળતો જશે અને બીજા હાથીઓ આવીને તેને બહાર ખેંચી કાઢવાનો પ્રયત્ન કરે તો તેઓ પણ આ કળણમાં ખૂંપી જશે. આસપાસના લોકો આ બિચારા હાથીને જોઈને દયા ખાતાં તેને બહાર કાઢવાનો પ્રયત્ન કરે તો તેઓ પણ એ જ રીતે ખૂંપી જશે. ગીત–૪૦ : ૨માં ગીતકર્તા આ જ ચીકણા કાદવ વિષે લખે છે. જેનાં ગુણલક્ષણ આપણે ઉપર જોઈ ગયા. પવિત્ર શાસ્ત્ર એક પાપીની દશાને એ જ રીતે વર્ણવે છે, જે દેવના વચન પ્રમાણે ચીકણા કાદવમાં ચાલતો જાય છે અને ખૂંપતો જાય છે.

હરેક વ્યક્તિના જીવનમાં એવો સમય આવે છે જ્યારે તેના પાપી જીવન વિષે તે દુઃખી થાય છે.—તે સમય યુવાવસ્થામાં, મધ્યમ વયે કે વૃદ્ધાવસ્થામાં, ગમે ત્યારે આવી શકે છે. તે નક્કી કરતાં કહે છે, “આવતી કાલથી બદલાઈ જવા માટે હું બહુ કઠણ પ્રયત્ન કરીશ. સારૂં જીવન ગાળવાનો મેં નિર્ધાર કર્યો છે.” પણ અફસોસ ! તે તો અગાઉના કરતાં વધારે ખરાબ થતો જાય છે અને જેમ જેમ તે વધારે પ્રયત્ન કરે છે તેમ તેમ તે વધારે બગડતો જાય છે કેમકે માનવી સ્વભાવ જ એવો છે. વધારે સારા થવા માટે જો તે બીજાંઓની સહાય શોધે તો તેને ખબર પડશે કે તેઓ પણ નિષ્ફળ જાય છે અને સાથે મળીને તેઓ ચીકણા કાદવમાં ખૂંપતાં જાય છે જેમાંથી બહાર ખેંચી કાઢવા માટે કોઈ માનવી પ્રયત્નો સફળ થતા નથી.

પાપરૂપી ચીકણા કાદવમાંથી માણસોને ખેંચી કાઢવાની શક્તિ કેવળ પ્રભુ ઈસુ ખ્રિસ્તને છે. એ જ હેતુસર તે આ દુનિયામાં આવ્યો. આ જ અર્થમાં પ્રભુ ઈસુ ‘મંડળી’ શબ્દનો ઉપયોગ કરે છે અને તે

દ્વારા જેઓ બહાર ખેંચી કઢાયા છે અથવા પસંદ કરાયા છે તેઓને સૂચવે છે. આપણા જીવનમાં તેની પસંદગીનો પૂરાવો હોઈ શકે તે અગાઉ તેની ખેંચી કાઢવાની શકિતનો અનુભવ હોવો જરૂરી છે. શું પ્રભુએ તમને પસંદ કર્યાં છે? શું તમને એવી આંતરીક ખાત્રી છે જે દ્વારા તમે એમ કહી શકો છો, કે "પ્રભુએ મને પસંદ કર્યો છે?" શું તમે એમ કહી શકો છો કે એ પૂરાવો તમારા જીવનમાં છે?

પ્રભુ દ્વારા પસંદ થવું એ શું છે તે તમે સમજો તે અગાઉ તમારે "જગત" શબ્દનો અર્થ સમજવો જરૂરી છે. આ દુનિયા ઉપર તમે હાલ જે જુઓ છો તે સઘળું થોડા સમયમાં ટળી જશે. "આકાશ તથા પૃથ્વી જતાં રહેશે, પણ મારી વાતો જતી રહેશે નહિ." માત્થી ૨૪: ૩૫ જે વસ્તુઓ કંપાયમાન નહિ થાય તેજ ટકશે. જે ટળી જનાર છે તેને બાઈબલમાં "જગત" કહેવામાં આવે છે, સૂર્ય, ચંદ્ર અને તારાઓ ટળી જાય પણ એવી બાબતો છે જે ટળી નહિ જાય. આપણા પ્રભુએ આપણને એટલા માટે પસંદ કર્યાં છે કે "કંપાયમાન નહિ થાય એવા રાજ્યમાં" તે આપણને લાવે. હેબ્રી. ૧૨ : ૨૮ જો પ્રભુ ઈસુ ખ્રિસ્ત દ્વારા તમને પસંદ કરવામાં આવ્યા છે. તો જે ટળી જનાર નથી તેમાંનું કેટલું તમે ધરાવો છો. અને જે ટળી જનાર છે તેમાંનું કેટલું તમે ધરાવો છો? બેન્કમાં તમે કેટલા પૈસા મૂકયા છે તે અમે જાણવા માગતા નથી. અથવા તમારી પાસે કેટલી મિલ્કત છે. વિ. પણ અમે જાણવા માગતા નથી. અરે, તમને બાઈબલનું કેટલું જ્ઞાન છે. તે પણ અમે જાણવા માગતા નથી. બાઈબલનું જ્ઞાન ગમે તેટલું સારૂં હશે તો પણ તે વિસરાઈ જશે. આપણાં સુકૃત્યો સદાકાળને માટે ટકશે નહિ, અને આપણે સદાકાળને માટે સારા રહી શકતા નથી. કેમકે જેમ જેમ

જીવન વહેતું જાય છે તેમ તેમ આપણો સ્વભાવ બદલાતો જાય છે. આપણે સૌ નિર્બળતાઓથી ભરપૂર છીએ અને ટળી જનાર વાતોમાં આપણાં સમય અને શકિતને વેડફી નાખીએ છીએ.

પ્રભુએ આપણને પસંદ કર્યા છે એવું જ્યારે આપણે સમજીએ છીએ ત્યારે આપણને એ પણ સમજાય છે કે આ જગત જેમાં આપણે જીવીએ છીએ તે કેવું ક્ષણભંગુર છે. અને તેમાંની કોઈ પણ વસ્તુ આપણને ખરો આનંદ આપી શકતી નથી. આ જગતની વસ્તુઓ આપણને ચીકણા કાદવ જેવી લાગશે જેમાં આપણે ઉંડા અને ઉંડા ખૂંપતા જ જઈએ. પ્રભુ ઈસુ ખ્રિસ્ત કહે છે, "મેં તમને જગતમાંથી પસંદ કર્યા છે." જગિક વસ્તુઓના આકર્ષણમાંથી છોડાવવા, આપણને નીચે ખેંચી જનાર વસ્તુઓના પાશમાંથી ખેંચી કાઢવા તથા અનંતકાળીક સંપત્તિ આપણને આપવા સારૂ પ્રભુ ઈસુ આવ્યા. તેનો નકાર ના કરશો અને ટળી જનાર વસ્તુઓને વળગી ના રહેશો.

વળી આગળ વધતાં પ્રભુ કહે છે, મેં તમને જગતમાંથી પસંદ કર્યા છે કે જેથી હું તમને મારા મિત્રો બનાવું. યોહાન ૧૫ : ૧૫.

આ શબ્દો કેવળ જેઓને સંબોધવામાં આવ્યા હતા. તેઓને માટે એટલે પ્રેરિતોને માટે જ નહોતા. તેઓ તો તમારે અને મારે માટે પણ છે. મેં તમને પસંદ કર્યા છે કે જેથી હું તમને મારા મિત્ર બનાવું. તે કહે છે, જેઓને દિવ્ય જીવન પ્રાપ્ત થયું છે તેઓ જ આ શબ્દો સમજી શકે છે, કેમકે પાપ અને અંધકારમાં રહેનાર એક પાપી કેવી રીતે દેવનો મિત્ર હોઈ શકે? વળી તેણે કહ્યું, જે વાતો મેં મારા બાપ પાસેથી સાંભળી હતી. તે બધી મેં તમને જણાવી

છે." અને આપણે આખા જગત આગળ સાબિત કરી શકીએ છીએ કે આપણે તેના મિત્ર છીએ કેમકે સ્વર્ગદૂતોથી જે સત્યો અને મર્મો ગુપ્ત રાખવામાં આવ્યાં છે તે રોજબરોજ આપણને પ્રગટ કરવામાં આવે છે.

જેમ જેમ આપણે દેવની સાથે ચાલતાં શીખીએ છીએ, તેની સાથે વાત કરવાનું રહસ્ય શીખીએ છીએ. અને દરરોજ તેના તરફથી કાંઈક તાજો ખોરાક પ્રાપ્ત કરીએ છીએ તેમ તેમ પ્રભુ ઈસુ ખ્રિસ્ત આપણને એ વાતો શીખવે છે. કોઈ શિક્ષક, અધ્યાપક કે અન્ય કોઈ માણસ આ વાતો આપણને શીખવી શકે નહિ. માત્થી ૧૧ : ૨૫–૨૭ અને ૧૬ : ૧૭ માં આપણે એક માણસ વિષે વાંચીએ છીએ, જે ત્રણ વર્ષ સુધી પ્રભુ ઈસુ ખ્રિસ્તની સાથે રહ્યો હતો. તેણે પ્રભુના અનેક ચમત્કારો જોયા હતા, તેનો ઉપદેશ સાંભળ્યો હતો. અને તેથી પ્રામાણિકતાથી પ્રભુ ઈસુ ખ્રિસ્તને કહી શકયો હોત, "હું તમારા વિષે સઘળું જાણું છું, કેમકે હું તમારી સાથે રહ્યો છું, તમારી સાથે વાત કરી છે, તમારી સાથે જમ્યો છું, અને તમારી સાથે સૂતો પણ છું." પણ પ્રભુએ તેને એમ કહ્યું, કે "સીમોન, માંસ અને લોહી દ્વારા તું મને ઓળખતો નથી. પણ મારા સ્વર્ગીય પિતાએ તને આ પ્રકટીકરણ આપ્યું છે."

જ્યારે દેવનું પોતાનું જીવન તમારામાં આવે છે. ત્યારે તમે કહી શકશો " હવે હું પ્રભુને ઓળખું છું, કેમકે તેનું પોતાનું જીવન ભરપૂર અને સતત, મારામાં વહે છે અને તે જીવન દેવની ઈચ્છા અને તેના સંકલ્પનું પ્રકટીકરણ મને આપે છે. હવે, તે મને શિક્ષા કરે તો પણ હું જાણું છું કે તેણે મને પસંદ કર્યો છે. જગતના લોકો થોડા સમય માટે પોતાના માનીના લોકોને પસંદ કરે છે. તેમ થોડા દિવસ

માટે જ તેણે મને પસંદ કર્યો નથી." દા. ત. એક યુવાન એવા વિચારથી એક યુવતી સાથે લગ્ન કરે છે કે તેણી વગર તેનાથી રહેવાશે જ નહિ, પરંતુ થોડા જ મહિના બાદ તે પોતાના લગ્ન વિષે પસ્તાવો કરે છે. માણસો વર્ષોવર્ષ તેમના વિચાર બદલે છે. પણ દેવનો માર્ગ એવો નથી. જ્યારે પસંદ કરે છે ત્યારે તે સનાતનકાળને માટે પસંદ કરે છે. અને જો કે આપણે તેને નિષ્ફળ જઈએ અને ખિન્ન કરીએ તો પણ તેની પસંદગી બદલાતી નથી.

દેવે આપણને પસંદ કર્યા છે. તેણે એક ઉદ્દેશ સહિત આપણને પસંદ કર્યા છે અને આપણને તે ઉદ્દેશને યોગ્ય કેવી રીતે બનાવવા તે તે જાણે છે. યશા. ૪૯ : ૩. યાકુબને દેવે અનેક વાર ઠપકો આપ્યો, પરંતુ દેવે તેને પસંદ કર્યો હતો. અને તેની પસંદગી કદી જ બદલાઈ નહિ. યાકુબને પસંદ કરેલું પાત્ર ઘડવા માટે દેવને અનેક વર્ષો લાગ્યાં અને તેને પુષ્કળ ધીરજ ધરવી પડી દેવ એમ કહી શકયો હોત," જો યાકુબ, તું સારો નથી. મેં ભૂલ કરી છે અને તારે માટે કોઈ આશા નથી. તું સાવ નિર્બળ અને આશારહિત છે. "પણ દેવે એવું કશું કદી પણ કહ્યું નહિ. તે તો, યાકુબ જ્યાં સુધી ઈસ્રાએલ ના બન્યો ત્યાં સુધી યાકુબને ઠપકો આપતો જ ગયો અને તેને શિક્ષા કરતો જ રહ્યો. યાકુબને તેના જન્મ અગાઉ તેણે પસંદ કર્યો હતો. અને તેની પસંદગી કદાપિ બદલાતી નથી. તમે ચાહે ગમે તે હો, તમારા પાડોશીઓ સમક્ષ તમારી સાક્ષી ગમે તેવી ખરાબ હો, ખુદ તમારાં માતાપિતાને તમારા મિત્રોની આગળ એમ કહેવાનું કારણ હોય કે તમારા વિષે કોઈ આશા નથી. અને તમે નકામા અને નિરૂપયોગી છો, તોપણ દેવ તમને કદી જ કાઢી મૂકશે નહિ. જો તમે સાચા વિશ્વાસી છો. તો હજુ પણ તે તમને કહે છે, "મારા બાળક,

મેં તને પસંદ કર્યો છે; તું મને ખિન્ન કરે છે. અને નિષ્ફળ જાય છે. તોપણ મેં તને પસંદ કર્યો છે.

દેવે યાકુબને ઉત્પત્તિ ૨૮ : ૧૫ માં કહ્યું "હું તને નહિ મૂકીશ." તમે તેને છોડી દો. તમે કહી શકો કે "દેવ માટે મારી પાસે સમય નથી. મારે વધારે પૈસા કમાવા છે. મારાં સ્ત્રી–બાળકોને માટે મારે પ્રબંધ કરવો છે. મારે દુનિયામાં નામ કમાવું છે. મારે ધંધો કરવાનો છે. અને તે ઉપરાંત ખુબ અગત્યનાં કામ કરવાનાં છે, તો બાઈબલ વાંચવા માટે અને પ્રાર્થના કરવા માટે મને કયાંથી સમય મળે ?" આવી આવી બાબતો દ્વારા ઘણાં દેવ પ્રત્યે ઠંડા થઈ ગયાં છે. છતાં પણ પ્રભુ તમને કહે છે, "તમે મને છોડી દો, પણ હું તમને નહિ છોડીશ." મેં તમને સનાતનકાળને માટે પસંદ કર્યા છે." ઓહ, કેવો પ્રેમ ! કેવી કૃપા ! કેવું તારણ !

## પ્રકરણ : ૨

# હેતુસર પસંદ કરાએલાં

હે યહોવાહ, જે મહેરબાની તું તારા લોક પર રાખે છે તે મહેરબાનીથી તું મને સંભાર; તારૂં તારણ આપીને મારી મુલાકાત લે; જેથી હું તારા પસંદ કરેલાઓનું કલ્યાણ જોઉં, તારી પ્રજાના આનંદમાં હું આનંદ માણું, ને તારા વારસાની સાથે હું હર્ષનાદ કરૂં."

ગીત ૧૦૬ : ૪–૫.

હું માનું છું કે આ શબ્દોમાંથી પ્રભુ આપણને કંઈક કહેવા માગે છે. તમે પોતે ઘુંટણો પર રહીને તેમને વાંચો. વિશ્વાસથી તેમને વાંચો. વારંવાર તેમને વાંચો. તમારી જરૂરિયાત ગમે તે હોય. આ શબ્દોને વારંવાર વાંચો અને તમને માલુમ પડશે કે તમારા હૃદયમાં કંઈક ફેરફાર આવી રહ્યો છે. આપણામાં આત્મિક ઇચ્છાઓ જગાડવા માટે દેવ અનેક પ્રસંગો અને પરિસ્થિતિઓનો ઉપયોગ કરે છે. આપણામાંથી બહુ જ થોડાંને કુદરતી રીતે ઈશ્વર માટે સાચી ઝંખના યા ભૂખ હોય છે. આપણામાંથી મોટા ભાગના લોકો, સંકટ, હતાશા, બિમારી, યા ગરીબીના સમયે, અથવા આપણને કોઈ વસ્તુની આવશ્યકતા હોય છે. ત્યારે જ તેને યાદ કરીએ છીએ. દેવની પોતાની ખાતર તેની પાસે જનારાં આપણામાંના બહુ જુજ છે. આપણને કંઈક જગિક અથવા નાશવંત વાનાંની જરૂર હોય છે માટે જ આપણે તેની પાસે જઈએ છીએ. અને અફસોસ! આપણામાંના ઘણાંના હૃદયોમાં, નાશવંત વાનાં, જેની કોઈ સાચી કિંમત નથી, તેની જ ઇચ્છા હોય છે.

શરૂઆતમાં, કદાચ, આપણે શું કરીએ છીએ તે આપણે જાણતાં નથી; કારણકે આપણે પોતાના બાલિશ ખ્યાલોથી દોરવાઈ

જઈએ છીએ. એક સાદું ઉદાહરણ જોઈએ. આપણે સૌ બિલાડીના ટોપ વિષે જાણીએ છીએ. વિશેષ કરીને રેતાળ પ્રદેશમાં તે જોવા મળે છે અને સાધારણ રીતે વરસાદ પછી એક જ રાતમાં ઉગી નીકળે છે. હકીકતમાં બિલાડીના ટોપની જેમ ઉગી નીકળવા સંબંધી એક કહેવત પણ છે. બાળપણમાં અમે વરસાદ પછી આ ટોપ ભેગા કરવા જતા હતા અને ઘણીવાર તેમને શોધતાં શોધતાં ચાર પાંચ માઈલ ચાલતા. એક સવારે આવા સફેદ રંગના અનેક ટોપ અમને મળી આવ્યા. હું ખુબ રાજી થઈ ગયો અને ચૂપચાપ મેં મારી ટોપલીને તેનાથી ભરી દીધી. ઘેર જઈને મારી માને તે બતાવીને કહ્યું, "જુઓ તો, મને કેટલા બધા ટોપ મળ્યા! તમે ડુંગળી સાથે તેમને રાંધશો તો કેવું સ્વાદિષ્ટ શાક બનશે!" મારી માએ ટોપલીમાં જોયું. એક ટુકડો તેમણે હાથમાં લીધો, જોઈને તેને ફેંકી દીધો પછી બીજો, અને ત્રીજો. પછી બીજો, અને ત્રીજો. પછી તેમણે કહ્યું 'મારા દીકરા, તું છેતરાઈ ગયો છે. આ ટોપ નથી. દેખાય છે તો ટોપ જ પણ ખરેખર તે નથી. આ તો સાવ નકામા છે."

આપણે જોઈએ છીએ કે દેવની બાબતોની પારખ કરતાં જેઓને આવડતું નથી. તેઓ બહારના દેખાવથી દોરવાઈ જાય છે અને અફસોસ! તેની તેઓને જાણ પણ હોતી નથી. તેઓ જગિક બાબતોમાં પોતાના સમય, નાણાં અને શક્તિને વેડફી નાખે છે.

તમારા સંબંધી શું? દેવની વાતોની સાચી કદર તમને છે શું? શું તમે સત્યતાપૂર્વક એમ કહી શકો છો કે નાશમાન વસ્તુઓ કરતાં દેવની વાતો પ્રત્યે તમને અધિક ભૂખ અને તરસ છે? અફસોસ! દરેક હૃદયમાં કોઈ એક જ ઇચ્છા, ઝંખના અને આકાંક્ષા હોય છે જે હૃદયને દેવથી દૂર ઘસડી જાય છે. આપણે સતત પ્રાર્થના કરવી જોઈએ કે

ગીતકર્તાની આ આત્મિક ઇચ્છા, "હે યહોવાહ મને સંભાર", આપણને પણ આપવામાં આવે. દેવને જાણવાની ઇચ્છા પ્રગટ કરવા માટે લાંબી પ્રાર્થનાની જરૂર નથી, કેવળ સરળ વિશ્વાસની જરૂર છે.

એક વખત એક નાનો છોકરો નિશાળમાં અંગ્રેજી ભાષા શીખતો હતો. શરૂઆતમાં એ. બી. સી. એવા મૂળાક્ષર તે શીખ્યો. પછી એક દિવસ પ્રાર્થના કરતાં તેણે કહ્યું, "પ્રભુ, એ. બી. સી. ડી." એકાદ ક્ષણ શાંત રહ્યા પછી તેણે ફરી પ્રાર્થના કરી, "ઈ. એફ. જી. એચ. આઈ. જે. કે. એલ. એમ. એન. ઓ. પી. કયુ........" "અરે મારા દીકરા, તું શું કરી રહ્યો છે ?" તેની માએ તેને વચ્ચે અટકાવીને કહ્યું "હું પ્રાર્થના કરી રહ્યો છું." દીકરાએ જવાબ આપ્યો. "તું શી પ્રાર્થના કરી રહ્યો છું !" "મા મને જોડણી કરતાં આવડતું નથી. પણ દેવને આવડે છે. તમે મને કહો છો કે બીએટી બેટ અને સીએટી કેટ અને એફ એ ટી ફેટ પણ સાદા શબ્દોની જોડણી પણ મને તો નથી આવડતી. તેથી આ અક્ષરો હું દેવને આપું છું, તે જોડણી કરી લેશે." આ બાળકનું વલણ સાચું હતું તે વિશ્વાસથી પ્રાર્થના કરતો હતો. પ્રાર્થનામાં યોગ્ય શબ્દો કેવી રીતે વાપરવા તે તમને ના આવડે તો કશો વાંધો નહિ. પ્રશ્ન એ છે કે શું તમે વિશ્વાસથી પ્રાર્થના કરો છો ? શું તમે સત્યતાથી કહી શકો છો, "હા, પ્રભુ, હું વિશ્વાસ કરૂં છું કે તમે મને સંભારશો. મને સંભારો, ઓ પ્રભુ, મને સંભારો." જો કે આ શબ્દો કેવળ સાદા શબ્દો છે તો પણ તમારા ખરા અંતઃકરણમાંથી તેમને આવવા દો. તમે પોતા તરફ કે તમારી સ્થિતિ, તમારાં પાપ કે નિષ્ફળતા તરફ જોશો નહિ. તમે તેના તરફ, એટલે તમારા પ્રેમાળ જીવંત તારનાર તરફ જુઓ કે જે, પિતા, માતા, પત્ની, ભાઈ, બહેન, બાળક યા મિત્ર કરતાં અધિક પ્રેમ તમારા ઉપર કરે છે.

ગીત ૨૭–૧૦માં ગીત કર્તા કહે છે, "મારા બાપે તથા મારી માએ મને તજી દીધો છે, પણ યહોવાહ મને સંભાળશે." આવનાર દિવસોમાં સંભવ છે તમારાં માતાપિતા, ભાઈ, બહેન યા પ્રિયજનો તમારી વિરૂદ્ધ ઉઠે. ઘણાં માતાપિતા પોતાના ભટકી ગયેલાં બાળકોને છોડી દે છે પણ દેવ કહે છે કે જો કે તમારાં માતાપિતા તમને છોડી દે તો પણ તે પોતે તમને કદી છોડશે નહિ. તમે પોતાના તરફ જોશો નહિ. તમે ગમે તે હો, તમારાં પાપ ગમે તેવા મોટાં અને શરમજનક હોય અથવા નવા જન્મ બાદ તમે પ્રભુને અનેક રીતે નિષ્ફળ ગયાં હો, તેની ચિંતા ના કરો. શું દેવની સમક્ષ તમે એમ કહેવા તૈયાર છો કે, "પ્રભુ, મને, હા, મને સંભાર. હું કોની પાસે જાઉં? મારી આશા કેવળ તારા ઉપર જ છે. ઓ પ્રભુ, મને સંભાર." તમે જોશો કે આ સરળ પ્રાર્થના તમને દેવની વધારે નજીક અને દેવને તમારી વધારે નજીક લાવશે.

ગીત ૧૦૬–૪ તરફ ફરીથી જોઈએ. ગીતકર્તા કહે છે, "હે યહોવાહ, મને સંભાર." વળી તે કહે છે, "જે મહેરબાની તું તારા લોક પર રાખે છે, તે મહેરબાનીથી તું મને સંભાર." આ જગતમાં લોકો અનેક રીતે વિભાજિત થએલા છે કેટલાક દેશજાતિ દ્વારા દોરવાઈ જાય છે તેઓ કહે છે, "હું ભારતીય છું; અથવા ચીની અથવા જાપાનીઝ." વિ. વિ. બીજાં કેટલાક ધન યા સ્થાનને કારણે અળગા થાય છે. બીજાં કેટલાંક ભાષા, કેળવણી યા ધંધાની અસર નીચે અલગ થાય છે. પરંતુ બાઈબલમાં કેવળ બે જ જુથ જોવા મળે છે. દેવના લોકો અને શેતાનના લોકો. યોહાન ૮ : ૪૦–૪૧ અને ૪૪માં લોકો કહેતા હતા, "અમે દેવની પ્રજા છીએ; ઈબ્રાહીમ અમારો બાપ છે." પ્રભુ ઈસુએ તેમને કહ્યું, 'તમે દેવના લોકો નથી. તમે તમારા બાપ શેતાનના છો.' આ બહુ સખત શબ્દો હતા અને તેનાથી માઠું

લાગે યા ઠોકર આવે તેવું હતું પણ આપણે યાદ રાખીએ કે આ કોઈ માણસના શબ્દો નહોતા. તે તો પ્રભુ ઇસુ ખ્રિસ્તના શબ્દો હતા.

તમે કયા જુથમાં છો? તમારાં દેશજાતિ, વ્યવસાય, મિલ્કત, બાઈબલ જ્ઞાન, નામ અથવા કીર્તિ વિષે હું જાણવા ચાહતો નથી. શું તમે દેવના લોકોમાંના એક છો કે પછી તમે બીજા જુથમાં છો? દેવનું પોતાનું સ્વર્ગીય જીવન મેળવવા દ્વારા જ તમે દેવના કુટુંબમાં આવી શકો છો. સરસ સુટ અથવા ખમીસ અથવા ટાઈ પહેરવાથી તમે અંગ્રેજ યા અમેરીકન બની જતા નથી.

શરૂઆતમાં, રેલ્વેમાં નોકરી આપવા માટે એન્ગ્લો ઇન્ડીયન લોકોને વધારે તક આપવામાં આવતી હતી. તેથી ઘણા ભારતીય લોકો નોકરીની અરજી કરવા આવતા ત્યારે જોડાં, હેટ અને ટાઈ ઉછીના લાવતા અને પોતાને શ્રીમાન સ્મીથ, શ્રીમાન હેન્રી, અથવા શ્રીમાન મેથ્થ્યુ તરીકે ઓળખાવતા. હવે આ ક્રમ બદલાઈ ગયો છે. શ્રીમાન સ્મીથ હવે ગુરૂસ્વામીનું નામ ધારણ કરે છે. કહેવાની મતલબ એ છે, કે કેવળ નામ બદલવાથી તમે જુદી વ્યકિત બની શકતા નથી.

શું તમે દેવની પ્રજામાંના એક છો? તમે પોતાની સાથે પ્રમાણિક બનો. તમારી પ્રથમ પ્રાર્થના આ હોય. "હે યહોવાહ, જે મહેરબાની તું તારા લોક પર રાખે છે તે મહેરબાનીથી તું મને સંભાર." દેવની પ્રજામાંની એક વ્યકિત હોવું એ કેવું માન તથા કેવો હક છે! પ્રભુ ઇસુ ખ્રિસ્ત આ જગતમાં આવ્યા, જેથી શેતાનનાં બાળકો દેવનાં બાળકો બને.

ભારતમાં ગમે ત્યાં જાઓ, તમને અનેક ભિખારીઓ મળશે. ભિખારી તમને "બાપા" કહે પણ શું તમે તેને 'મારા દીકરા" કહીને બોલાવશો? તમે એ રસ્તે થઈને જેટલી વાર જાઓ તેટલી વાર તે તમને "બાપા" કહેશે, પણ તેથી શું તે તમારો દીકરો બની જાય છે?

જેણે પિતા તરફથી જીવન મેળવ્યું છે તે જ દીકરો છે. હવે પ્રશ્ન એ છે, કે શું દેવ ખરેખર આપણને તેની પ્રજા તરીકે બોલાવી શકે છે? હું દેવનો પુષ્કળ આભાર માનું છું કેમકે તે મને "મારા દીકરા" કહીને બોલાવે છે. દેવનું પોતાનું જીવન અનંતકાળિક આત્મિક જીવન. નવું અને દૈવી જીવન મેળવવા દ્વારા જ તમે દેવનું બાળક બની શકો છો. ત્યારપછી તમારા માગ્યા વગર પણ તમે તેની દિવ્ય કૃપા પામી શકો છો.

ત્યારબાદ ગીતકર્તા કહે છે, "તારૂં તારણ આપીને મારી મુલાકાત લે." તેનો અસલ વિચાર એ છે, કે "પ્રભુ, તારૂં તારણ સંપૂર્ણ રીતે મને બતાવ." હવે, ધારો કે તમારે ડૉકટર બનવું છે. તમે એક વૈદકીય પાઠશાળા (મેડીકલ કૉલેજ)માં જાઓ અને આખું મકાન ફરી વળો. તમે માણસોનાં વિવિધ હાડકાં જુઓ અને શસ્ત્રક્રિયા માટે રાખેલાં શબ જુઓ. વળી તમે અનેક દવાખાનાંની મુલાકાત લો અને પેનીસીલીન, સ્ટ્રેપ્ટોમાઇસીન જેવી દવાઓનાં નામ ગોખી રાખો. આવી રીતે એક અઠવાડીયું ફર્યા પછી ઘેર જઈને શું તમે કહી શકો, કે "મા, હવે હું ડૉકટર બન્યો છું?" તમારી મા કહેશે, "આટલું જલ્દી!" તમે કહેશો, "મા, મેં બધાં હાડકાં જોયાં છે; મેં શબ પણ જોયાં છે. પેનીસીલીન, સ્ટ્રેપ્ટોમાઇસીન વિષે હું જાણું છું. મેં સ્ટેથોસ્કોપ પણ ખરીદયું છે. હવે હું ડૉકટર છું." પણ તમે એ રીતે ડૉકટર બની શકતા નથી. વિવિધ રોગ વિષે, દવાઓ વિષે અને માનવશરીર પર તેની અસર વિષે જ્ઞાન મેળવવા સારૂ તમારે ઘણાં વર્ષ સુધી અભ્યાસ કરવો પડે છે.

ઘણા એવા નામધારી ખ્રિસ્તીઓ છે જેઓ ધારે છે કે બાઈબલની અમુક કલમો ગોખવા દ્વારા તેઓને તારણ પ્રાપ્ત થશે. પરંતુ આ તારણ મહાન અને સનાતન છે. માત્ર થોડા દિવસોમાં, અરે થોડાં વર્ષો ગાળીએ તો પણ તેને સમજી શકાતું નથી. ખ્રિસ્તને પૂર્ણ રીતે સમજવા માટે અનંતકાળની જરૂર છે. ગીતકર્તા કહે છે, "તારૂં તારણ આપીને

મારી મુલાકાત લે." તે એમ નથી કહેતો, કે "પ્રભુ, બાઇબલ વિષે મને વધારે જ્ઞાન આપો." પણ ખરેખરી ઇચ્છાથી તે કહે છે, "પ્રભુ તમારા તારણ વિષે મને વધારે સમજાવો."

શાહજહાં નામે એક મુસલમાન રાજા હતો. તેના દીકરાએ તેને જેલમાં પૂર્યો હતો. દીકરો એવું વિચારતો હતો, કે "મારા પિતા સહેલાઈથી મરણ પામશે નહિ. અને મારે ગાદી પર બેસવું છે." તેથી અનેક વર્ષો સુધી તેણે તેના પિતાને આગ્રા ફોર્ટમાં કેદખાનામાં રાખ્યા. અને ખોરાક માટે રોજરોજ કેવળ મગફળી જ આપતો રહ્યો. નસીબજોગે તેના પિતા પાસે એક નિપુણ રસોઈઓ હતો જે કેવળ સીંગદાણાની વિવિધ એવી પંચોતેર વાનગીઓ બનાવી શકતો હતો. અહીંયા કહેવાની વાત એ છે, કે સાધારણ બાબતોના ઉપયોગમાં પણ નિપુણતા મેળવવા માટે અનેક વર્ષો લાગે છે. તો આ મહાન તારણને ટુંકા ગાળામાં સમજવાની આશા તમે કેવી રીતે રાખી શકો ? તમે કલ્પના પણ કરી શકો તે કરતાં અધિક મહાન તારણ એ છે.

દેવ જે કાંઈ કરે છે તેમાં તેના પૂર્ણ ઉદ્દેશ અને વિચારને સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ. તે શા માટે તમને શોધી રહ્યો છે ? તમને શોધવા માટે અને તેડવા માટે, તેણે શા માટે આટલો બધો સમય ખર્ચવો જોઈએ આટલી મુશ્કેલી ઉઠાવવી જોઈએ ? ઉદાહરણ તરીકે જોઈએ, તો પહાડો પર એવાં કેટલાંક છોડવા ઉગે છે જે દવાઓ માટે ખુબ ઉપયોગી હોય છે. જુદા જુદા છોડવાઓની, રોગમાંથી આરોગ્ય આપવા માટે તથા ઘા રૂઝાવવા માટે જુદી જુદી કિંમત હોય છે. આવા છોડ તથા પાંદડાની કિંમત જેઓ જાણે છે તેઓ અનેક મહિનાઓ અને વર્ષો સુધી અનેક માઈલોનું અંતર કાપીને તેમને શોધતા જ રહે છે. જ્યારે બીજા લોકોના રસ્તામાં આ છોડવાઓ આવે તો પણ તેની સામે નજર સરખી નાખ્યા વગર તેઓ ચાલ્યા જાય છે.

આત્મિક રીતે પણ આવી જ દશા છે. તમારી કિંમત વિષે તમારા માતાપિતા કરતાં પણ દેવને વધારે જ્ઞાન છે. દેવની દૃષ્ટિમાં એક આત્માની કિંમત આખા જગતના ધન કરતાં અત્યંત અધિક છે. દેવ તમારી પાછળ પડે છે કેમકે તમને તે કેવા બદલી શકે છે તે તે જાણે છે. સનાતનકાળને માટે તમને તેના ભાગીદાર તથા સહકર્મી બનાવવા તે ચાહે છે. ભજનકર્તા દેવના તારણ માટે ઇચ્છા રાખતાં પ્રાર્થના કરે છે, "ઓ પ્રભુ, મને તારું પસંદ કરેલું પાત્ર બનાવ" અને કલમ પમાં તે કારણ આપે છે "જેથી હું તારા પસંદ કરેલાઓનું કલ્યાણ જોઉં"

એકવાર હું એક ઘેર ગયો ત્યારે તેમના બેઠકરૂમમાં કેટલીક વસ્તુઓ મેં જોઈ જેના ઉપર સુંદર ચિત્રકામ કરેલું હતું. મેં ઘરના માલિકને પૂછ્યું, "આ બધું શું છે?" તેમણે કહ્યું, કે એ સામાન્ય ઇંડાંના કોચલાં હતાં. ઇંડાંના કોચલામાં એક બારીક કાણું પાડીને તેને ખાલી કરી નાંખવામાં આવતું, અને આ રીતે ઘણાં વર્ષોના ગાળામાં તેમણે અનેક કોચલાં ભેગાં કર્યાં હતાં. તેઓ પોતે એક સારા ચિત્રકાર હતા માટે દરેક કોચલા ઉપર તેમણે સુંદર ચિત્રકામ કર્યું હતું. આ કોચલાં નિરૂપયોગી અને ફેંકી દેવાને જ યોગ્ય હતાં, પણ જ્યારે તે ચિત્રકારના હાથમાં આવ્યાં ત્યારે ઉપયોગી અને સુંદર બન્યાં. તમારી પાસે એક ઇંડું હોય તો તમે શું કરો? તમે તેને તોડીને અંદરના માલને ખાઓ છો અને કોચલાને ફેંકી દો છો. તમારે માટે તો એ કોચલું નકામું છે પણ એક ચિત્રકાર તેમાંથી સુંદર વસ્તુ બનાવી શકે છે.

તમે પાપને કારણે બરબાદ અને કુરૂપ થઈ ગયા હો અને લોકો તમારા ચહેરા ઉપર પાપના ડાઘ જોઈ શકતા હોય તોપણ તમને પસંદ કરવામાં અને તેડવામાં દેવ એક મહાન ઉદ્દેશ રાખે છે. દેવના વચનમાં આપણને મેલાં ચીંથરાં, સૂકું ઘાસ, ચિમળાએલાં ફુલ અને સૂકાએલાં પાંદડાં સાથે સરખાવવામાં આવ્યાં છે. દેવની દૃષ્ટિમાં આપણે એવાં જ છીએ છતાં તેણે

આપણને પસંદ કર્યાં છે. તે તમને તથા મને માગે છે. જેથી તેના માન તથા ગૌરવને અર્થે આપણને તે પસંદ કરેલાં સ્વર્ગીય પાત્રો બનાવે. કેવળ દેવ જ આવું કામ કરી શકે છે. માણસ કરી શકે નહિ. દેવના પસંદ કરેલાં પાત્રમાનું એક તમે બનવા ચાહો છો ? તમે તદ્દન નક્કામા હો તો પણ તે ઇચ્છુક છે. દેવ તમને એવા બનાવશે કે તમે સનાતનકાળને માટે તેને ઉપયોગી નીવડશો, પણ શરત એ છે કે તમે સંપૂર્ણપણે પોતાને તેને આધીન કરો.

"તેના સેવક ઇબ્રાહીમનાં સંતાન, યાકૂબના પુત્રો, તેના પસંદ કરેલાં." ગીત. ૧૦૫ : ૬.

હયાં યાકૂબને એક પસંદ કરેલું પાત્ર કહેવામાં આવે છે, અને દેવે, યાકુબ વિષે બધું જ જાણીને, તેને પસંદ કર્યો. હવે આપણે કેવી રીતે પસંદગી કરીએ છીએ ? દાખલા તરીકે, ધારો કે આપણે બટાકા અથવા ટામેટાં ખરીદવા છે. તો આપણે બજાર જઈએ છીએ. અને સારામાં સારી દુકાન પસંદ કરીએ છીએ. આપણે કેટલાક કીલોગ્રામ બટાકા, ટામેટા, ડુંગળી ઈત્યાદી ખરીદીએ છીએ અને આ ખરીદી આપણા જ માટે હોવાથી આપણે કાળજીપૂર્વક પસંદ કરીને ખરીદીએ છીએ. આપણે કહીએ છીએ, કે આ સારૂં છે. પેલું સારૂં નથી; આ બહુ મોટું છે, પેલું બહુ નાનું છે, આ બહુ ઘરડું છે અને પેલું છુંદાએલું છે. એ રીતે આપણે પસંદ કરીએ છીએ. પણ દેવ કહે છે, કે તમે પાપને કારણે કુરૂપ, મલીન અને બરબાદ થઈ ગયા હો પણ કશો વાંધો નથી. માણસ કહે કે તમે સાવ નક્કામા છો, પણ જો તમે દેવ પાસે જાઓ તો તે આટલું જ પૂછશે." મારૂં પાત્ર બનવા તમે તૈયાર છો ? તમારી જાતને સંપૂર્ણપણે મને સોંપી દેવા તમે તૈયાર છો ? તમે જો પોતાને તેના હાથમાં મૂકી દેશો તો કેવી રીતે તમને ધોવા, શુદ્ધ કરવા તથા બદલવા, તે તે જાણે છે.

તમારાં કપડાં તમે ધોબીને આપો છો ત્યારે તમે શું તેને કહો છો, "શ્રીમાન ધોબી, તમારે આ રીતે કપડાં ધોવાં જોઈએ. પહેલાં કપડાંને પાણીમાં બોળો પછી તેને સાબુ લગાડો, પછી તેમને બરાબર ઘસો' અને પછી ફરી પાછા તેમને બોળો ?" ધોબી તમને કહેશે, "એ બધું મારા ઉપર છોડી દો. તે તમારૂં કામ નથી, એ તો મારૂં કામ છે. કપડાં કેવી રીતે ધોવાં તે હું જાણું છું. એ મારો ધંધો છે. કૃપા કરીને મને સૂચનાઓ ના આપશો." તમારાં કપડાં કેવી રીતે ધોવાં એ ધોબી જાણે છે. અને કોઈપણ ભ્રષ્ટ પાપીને કેવી રીતે ધોવો તથા મહિમામાં બદલવો તે ખ્રિસ્ત જાણે છે. તમારા પક્ષે તમારે માત્ર તેનું પસંદ કરેલું પાત્ર બનવા સારૂ ઇચ્છુક અને તત્પર રહેવાનું છે.

દેવે યાકૂબને પસંદ કર્યો અને તેને રાજકુમારમાં ફેરવી નાખ્યો, જો કે તેમ કરવામાં તેને વીસ વર્ષ લાગ્યાં. તમારા કપડાં કોઈ દુકાનમાં ધોવા નાખો અને વીસ વર્ષ પછી તેમને પાછાં મેળવો તો તમે શું ધારશો ? પણ અફસોસ ! આપણાં કપડાં કરતાં આપણે અત્યંત વધારે ગંદા છીએ અને આપણો પ્રભુ આપણને ધોતો જ જાય છે. જ્યાં સુધી કે આપણે તેના જેવા ના બનીએ. આપણે તેના પુત્રની પ્રતિમામાં ના આવીએ ત્યાં સુધી દેવને સંતોષ થતો નથી.

તમે શું તેનું પસંદ કરેલું પાત્ર બનવા ચાહો છો ? દેવને તૃપ્તિ થાય ત્યાં સુધી ધોવાવા તથા શુદ્ધ થવા સારૂ શું તમે ઇચ્છુક છો ?

પ્રકરણ : ૩

# એક પસંદ કરેલું પાત્ર

"સ્તેફન નામના એક માણસને...તેઓએ પસંદ કર્યો." પ્રે. કૃ. ૬ : ૫ માંના આ ભાગ પ્રત્યે તમારું ધ્યાન દોરવા ચાહું છું. પવિત્ર આત્માની દોરવણી પ્રમાણે આખા સમુદાયે સ્તેફનને પસંદ કર્યો. તેઓએ મત લઈને પસંદ કર્યો નહિ પણ સર્વાનુમતે–એક મનના થઈને તેને પસંદ કર્યો. ગ્રીક ભાષામાં પસંદ કરવું એ શબ્દોના અર્થમાં, "કોઈ પણ પ્રકારના વિરોધ વગર, એકતાપૂર્વક" એ અર્થ પણ સમાએલો છે કોઈ ટંટો નિરાશા કે ઝઘડો નહોતાં. બધાં જ જાણતાં હતાં કે તેને પસંદ કરવામાં આવ્યો હતો. સ્તેફન નામનો અર્થ "મુગટ" થાય છે. અને એ માણસનું આયુષ્ય જો કે ટૂંકું હતું તોપણ તે કેવું વિજયવંત હતું. આ એક દેવભકતે, તેના ટૂંકા આયુષ્યમાં જે, સંપાદન કર્યું તે, પ્રભુમાં અનેક વર્ષો ગાળ્યા બાદ આપણે જે મેળવીએ છીએ તેના કરતાં ઘણું વધારે હતું અને સાચે જ તે મુગટ–હા, મહિમાનો મુગટ મેળવવાને યોગ્ય હતો.

સ્તેફન વિષે આપણને ઝાઝું કહેવામાં આવ્યું નથી. તેનાં માતા–પિતા, કુટુંબ અથવા યોગ્યતા વિષે આપણે કંઈ જ જાણતાં નથી. અચાનક જ એક પ્રકાશિત ચમકતા તારા સમાન તે દેખાય છે અને મરણની ઘડીએ પ્રભુ ઈસુ ખ્રિસ્તનું નામ લેતાં તે પ્રથમ શહિદ બને છે.

સ્તેફનનાં જીવન તથા સેવા દ્વારા દિવ્ય પસંદગીનો અર્થ આપણને પ્રગટ કરવામાં આવે છે. તેના જેવા, શું આપણે પણ પસંદ થવા અથવા દેવ દ્વારા ઉચ્ચ તેડું પામવા ચાહીએ છીએ ? ગીતકર્તા, ૧૦૬ : ૧ની શરૂઆતમાં કહે છે, "યહોવાહની સ્તુતિ કરો." આવી ઝંખના શું તમારા હૃદયમાં છે ? સ્તુતિ એક સ્વર્ગીય વસ્તુ છે. આપણે

સનાતનના આશિષો માટે, સ્વર્ગીય, અનંત અને ગૌરવી વસ્તુઓ માટે દેવની સ્તુતિ કરીએ છીએ. માત્ર જગિક વસ્તુઓને સારૂ નહિ. જો આપણે જયવંત જીવન જીવવું હોય તો સૌ પ્રથમ દેવની પ્રજામાં એક હોવું તે શું છે તે સમજવું પડશે. "હે યહોવાહ જે મહેરબાની તું તારા લોક પર રાખે છે, તે મહેરબાનીથી તું મને સંભાર; તારૂં તારણ આપીને મારી મુલાકાત લે."

તમારી પાસે આ આત્મિક ખાત્રી છે, કે તમે સ્વર્ગીય પ્રજા, ખાસ પ્રજા અને દેવની પસંદ કરેલી પ્રજામાંના એક છો, હા, એવી પ્રજા કે જે દેવના બળવાન હાથે ખેંચી કાઢવામાં આવી છે અને જે તેનું સ્વર્ગીય ખાસ ધન બની છે. 'ખાસ ધન' આ શબ્દો પર ધ્યાન આપો. માનવી પસંદગીનું ધોરણ કક્ષા, સ્થાન, પૈસો યા કીર્તિ પર આધાર રાખે છે. પરંતુ દેવનું ધોરણ જુદું છે. આપણે મેલાં લુગડાંના જેવા, પાપથી બરબાદ થએલા, સાવ નક્કામા અને નિરૂપયોગી છીએ તોપણ તે કહે છે, "ઓ મારા દીકરા, મારી દીકરી, તને હું મારૂં ખાસ ધન બનાવવા ચાહું છું." આપણે પોતાની જાતને તેના હાથમાં સોંપી દઈએ તો તમને અને મને કેવા બદલવા તે તે જાણે છે. તેથી દેવ તમને પસંદ કરવાની ઇચ્છા રાખે છે. ત્યારે દેવના હાથને નકારશો નહિ, ગીત. ૧૦૬ : ૫ માં ગીતકર્તા કહે છે, "જેથી હું તારા પસંદ કરેલાઓનું કલ્યાણ જોઉં, તારી પ્રજાના આનંદમાં હું આનંદ માનું, ને તારા વારસાની સાથે હું હર્ષનાદ કરૂં." સ્તેફનના જીવનમાં આ બધી જ બાબતોનો નમૂનો આપણે જોઈએ છીએ. દેવનું પસંદ કરેલું પાત્ર બનીને ઘણાને તેણે સ્વર્ગીય આનંદ આપ્યો વિશ્વાસી તરીકે મહાન સ્વર્ગીય વારસામાં સર્વ સંતોની સાથે તેણે અભિમાન કર્યું.

૧૯૩૬ ની સાલમાં, મારા ખ્રિસ્તી જીવનના આરંભના દિવસો મને યાદ આવે છે. મારા બદલાણ પછી મારા પિતા મને સ્ટેશન પર

મળ્યા અને કહ્યું, "તું ખ્રિસ્તી થઈ ગયો છું. તે વાતે અમને જરાયે વાંધો નથી. પણ મારી એક વિનંતી છે કે જ્યારે તું આપણા ઘેર આવે ત્યારે કોઈને કહીશ નહિ કે તું હવે ખ્રિસ્તી છે. તું બાઈબલ વાંચી શકે છે. અને પ્રાર્થના કરી શકે છે. તને જે ગમે તે તું કરી શકે છે. પણ તું ખ્રિસ્તી છે. એ કોઈને કહીશ નહિ, ઘેરથી દૂર હોય ત્યારે તારી ઇચ્છા પ્રમાણે કરવાને તું સ્વતંત્ર છે." મેં તેમને કહ્યું. "પિતા, પ્રભુ ઇસુ મારું જીવન છે, હું જો તેનો નકાર કરું તો કેવી રીતે જીવી શકું? જો હું શ્વાસ ના લઉં તો શારીરિક રીતે હું જીવી શકતો નથી. તે મારું જીવન છે અને જો હું તેનો નકાર કરું તો હું એક કલાકમાં મરણ પામું." ત્યારે તેમણે બીજી એક યોજના મારી આગળ ધરી." જો તું એવું જ ચાહે છે તો ક્યાંક ત્રણ મહિનાની નોકરી શોધી લે, પછી લોકો કહેશે કે આ માણસને નોકરી હતી, અને જ્યારે તે ખ્રિસ્તી થયો ત્યારે તેણે નોકરી છોડી દીધી. નહિ તો તેઓ કહેશે, કે તને નોકરી નહોતી મળતી માટે તું ખ્રિસ્તી થયો છુ" મેં તેમને કહ્યું, કે હું જો દેવને માન આપવામાં નિષ્ફળ જાઉં તો એક મહિનો અથવા એક દિવસની નોકરીમાં પણ શકય છે કે હું અવળે માર્ગે વળી જાઉં. દેવની દૃષ્ટિમાં આખા જગતના ધન કરતાં એક આત્માની કિંમત વધારે છે. આ રીતે સ્તેફનના જીવનમાંથી જે સ્વર્ગીય સત્યો છે. તેનો આત્મિક અર્થ દેવ આપણને શિખવે છે. સ્તેફન એક અજાણ વ્યક્તિ હતી, તેના કુટુંબ, વતન, દેશ યા કેળવણી વિષે આપણે કશું જ જાણતા નથી, પણ દેવની દૃષ્ટિમાં જે અત્યંત મૂલ્યવાન હતો.

આ જગતમાં જેઓ મહાન થવા ચાહે છે તેઓ પોતાને માટે કીર્તિ અને નામના કમાવા સારૂ સખત પરીશ્રમ કરે છે. તેઓને સંસદના સભ્ય થવું હોય તો હયાં ત્યાં જવામાં પુષ્કળ પૈસો ખર્ચે છે. અને જ્યારે સફળ થાય છે. ત્યારે તો માત્ર એક ખુરશી સાચવે છે.

સભાઓમાં તેઓ માત્ર બેસે છે. અને પ્રસંગોપાત હાથ ઊંચા કરે છે. દેશને માટે કોઈ ખાસ ચિંતા હોતી નથી. અને પદવીને માટે કોઈ યોગ્યતા હોતી નથી. કેવળ તેમના નામની પાછળ એમ. એલ. એ. અક્ષરો જોડાય એટલું જ તેઓ ચાહે છે. કેવળ નામને ખાતર આટલો પરીશ્રમ લોકો વેઠે એ કેવું આશ્ચર્યજનક છે!

પ્રેરીતોનાં કૃત્યોના પુસ્તકનો આ હિસ્સો આપણને બતાવે છે કે કેવી રીતે તમે અને હું સ્વર્ગીય કીર્તિ અને અનંત નામને સારૂ પસંદ થઈ શકીએ છીએ. દાખલા તરીકે, એક ગામમાં થોડા વિશ્વાસીઓ હોય અને ત્યાં જઈને તમે પૂછો, કે "તમે સુબ્બારાવને ઓળખો છો?" તેઓ કહેશે કે "ના." જો કે ગામ તો સાવ નાનું છે પણ તેમનું નામ જાણનારા માત્ર થોડા જ લોકો છે. પરંતુ આજ માણસ દેવથી પસંદ થએલો હોય તો પરિસ્થિતિ એકદમ બદલાઈ જાય છે ત્યારે તો તમે સ્વર્ગે જઈને કોઈપણ દૂતને પૂછી શકો. "તમે સુબ્બારાવને ઓળખો છો?' અને તે કહેશે, "હા, હું તેમને બહુ સારી રીતે ઓળખું છું." "તમે કેવી રીતે તેમને ઓળખો છો?" "અમારા સ્વર્ગીય રાજાએ તેમને પસંદ કર્યા છે અને તેમની પસંદગી વિષે અમારા રાજાએ પોતે અમને કહ્યું છે." આ જગતમાં એ વ્યક્તિનો કોઈ હિસાબ ના હોય પણ જ્યારે દેવ દ્વારા પસંદ થય છે ત્યારે સ્વર્ગીય સૈન્યો તેમને આનંદ અને હર્ષથી સ્વીકારશે. પરંતુ દુઃખની વાત એ છે કે એવા વિશ્વાસીઓ માત્ર બહુ જ થોડા છે જે તેના પસંદ કરેલા પાત્ર બનવા ચાહે છે. ઘણા એવા છે જે પોતાને બહુ સારા ખ્રિસ્તી સમજે છે, જે અઠવાડિયે એક [સભામાં ભાગ લેવામાં તથા મહિને એકવાર થોડા પૈસા આપવામાં તૃપ્ત રહે છે. તેઓ કહે છે, "અમે કોઈને હાનિ પહોંચાડતા નથી. જુઠું બોલતા નથી, કોઈને છેતરતા નથી, ઝઘડો કરતા નથી. અમે શાંત જીવન ગાળીએ છીએ, અને દર રવિવારે પિસ્તાળીસ મીનિટો માટે દેવળમાં જઈએ છીએ. પ્રાર્થનાસભામાં જવા માટે અમારી પાસે સમય નથી.

ત્યાં જઈએ તો અમને ઉંઘ આવે છે." તમે જરૂર એક સારા ખ્રિસ્તી હો, તમારા ધોરણ પણ ઊંચા હોય. પણ દેવ તેથી વિશેષ ચાહે છે. તે તમારા પર પ્રેમ રાખે છે. તેણે પોતાના લોહીથી તમને ખરીદ્યા જેથી તમે તેનું પસંદ કરેલું પાત્ર, તેનું ખાસ ધન, તેની દ્રાક્ષવાડી, તેના સહકર્મી તથા તેના સનાતન ભાગીદાર બનો.

સ્તેફનના જેવા બનવા માટે પ્રથમ આવશ્યકતા એ છે સત્તા યા સ્થાનની ખાતર કામ ન કરવું. કેટલાક લોકો એવા છે કે જો તમે તેમને અમુક સ્થાન સોંપો તો તેઓ રાતદિવસ કામ કરશે. પણ જો તેમને સ્થાન ના આપો તો ખસી જશે અને કંઈ જ કામ નહિ કરે. તેઓ કેવળ નામ કમાવાને ખાતર કામ કરે છે. પરંતુ આપણને દેખાય છે કે સ્તેફન માન યા સ્થાનને ખાતર કામ કરતો નહોતો તે શાંત રીતે અને પ્રેમપૂર્વક કામ કરતો હતો. પ્રે. કૃ. ૬ : ૧, ૨.

જ્યારે શિષ્યોની સંખ્યા વધતી ગઈ અને પ્રભુ સામર્થ્યસહિત કામ કરતો ત્યારે શેતાને એવું કર્યું કે હેબ્રીઓની વિરૂદ્ધ ગ્રીક લોકો કચકચાટ અને બડબડાટ કરે. કારણ એ હતું કે દરરોજની વહેંચણીમાં ગ્રીક વિધવાઓને પડતી મૂકવામાં આવતી હતી. આ રીતે ચાલાકીથી દેવની પ્રજામાં ટંટા અને ઝઘડા ઉત્પન્ન થયા. શતાબ્દિઓથી શેતાન એ હથિયાર વાપરી રહ્યો છે જેથી દેવનું કામ અટકી જાય અને તેના સેવકો ખરી સેવાથી અલગ રહે. પ્રથમ, દેવ જ્યારે કોઈ કામ શરૂ કરે છે અને લોકોના જીવનોમાં તેનું પરાક્રમ પ્રગટ થાય છે ત્યારે દેવની પ્રજામાં બડબડાટ, ફરિયાદ અને ઝઘડા આવે છે. આ રીતે કામ બગડે છે અને અટકી જાય છે આવા બડબડાટ કરનાર વિશ્વાસીઓની જુજ સંખ્યા દેવના આત્માને હોલવી શકે છે અને કામને નુકશાન પહોંચાડી શકે છે. બીજું, શેતાન દેવના સેવકોને વચનની સેવા કરતાં રોકે છે અને તેમને ફરજ પાડે છે કે તેઓ ભોજન પીરસે. તે ચાહતો હતો કે પ્રેરીતો

તેમની અગત્યની સેવા છોડીને આ કામ કરે. જગતના અનેક ભાગોમાં દેવના સેવકો મધ્યે આજ કરૂણતા જોવા મળે છે દેવે તેઓને પ્રચારક, શિક્ષક અને સુવાર્તિક થવા તેડ્યા છે પણ હાલ તેઓ ભોજન પીરસવાના કામમાં લાગેલા છે. થોડા સમય સુધી તો તેઓ વિશ્વાસુ રહે છે પણ કામ વૃદ્ધિ પામે છે ત્યારે તેઓ જગતની સાથે ગૂંથાઈ જાય છે. બીજા કેટલાક દેવના સેવકો છે જેઓની પત્નીઓ જગિક છે, અને ઘેર શાંતિ જાળવવાના હેતુસર પતિઓને ઘરમાં કામ કરવું પડે છે. લગ્ન પહેલાં આ પુરુષો દેવના વચનને તેમના જીવનમાં પ્રથમ સ્થાન આપતા હતા અને પ્રાર્થનામાં ઘણો સમય ગાળતા હતા તથા ધગશપૂર્ણ હતા પરંતુ હવે તેઓ સૂકા થઈ ગયા છે અને ધીરે ધીરે પણ ચોક્કસપણે તેઓ પતન પામી રહ્યા છે. પહેલાં એક બાળક પધારે છે, પછી બીજું અને ત્રીજું, એમ કરતાં પાંચ બાળકો થાય છે. હવે આ પુરુષો આખો વખત બાળોતિયાં ધોવામાં વિતાવે છે, એ જ એમની સેવા છે. અને જો તમે પૂછો કે તેમની સેવામાં ફળ કેમ દેખાતું નથી તો તેઓ કહેશે કે ભૂમિ બહુ કઠણ છે. પરંતુ દેવનું વચન નિર્બળતાનું સાચું રહસ્ય બતાવે છે. પ્રથમ વાતોને પ્રથમ સ્થાન આપવું જ જોઈએ. અને દેવની કૃપા દ્વારા આપણે તેમ કરી શકીએ છીએ. પ્રે. કૃ. ૬ઃ ૫માં દેવે તેના સેવકોને આપ્યું તેમજ આપણને પણ તે દિવ્ય જ્ઞાન આપશે. "એ વાત આખી મંડળીને સારી લાગી અને તેઓએ સ્તેફન જેવા માણસોને પસંદ કર્યા જેઓ શાંતિથી ઘેર ઘેર જતા, લોકોને મદદ કરતા અને ગરીબ તથા વિધવાઓની દેખભાળ કરતા હતા. કોઈ તેઓને ઓળખતું નહોતું અને તેઓના જન્મ તથા ઇતિહાસ ગુપ્ત હતા. જ્યાં જ્યાં જરૂરિયાત દેખાય ત્યાં ત્યાં સેવા કરવા તેઓ ચાહતા હતા, જ્યારે સમય આવ્યો ત્યારે આખી મંડળીએ તેઓને પસંદ કર્યા કેમકે તેઓ તેઓનાં જીવનોને ધ્યાનપૂર્વક જોતા આવ્યા હતા. તેઓ કોઈપણ બાહ્ય દેખાવ વગર સેવા કરતા હતા તે તેઓએ જોયું હતું અને સાથે સાથે હરેક સેવા માટે પવિત્ર આત્મા અને દિવ્ય જ્ઞાનથી તેઓ ભરપૂર હતા.

આપણી સેવા ગમે તે હોય, નાની હોય કે મોટી હોય, હરેકને માટે આપણને પવિત્ર આત્માના અભિષેકની જરૂર છે. ચાહે ગરીબ અને વિધવાની દેખભાળ કરવાની હોય, મકાનની ચોકી કરવાની હોય, ભોજન પીરસવાનું હોય, ચટાઈ પાથરવાની હોય કે તેના જેવું બીજું કોઈપણ કામ દેવના ઘરમાં હોય, જે કાંઈ હોય આપણને અભિષેકની જરૂર છે, જ્ઞાન તથા પવિત્ર આત્માથી ભરપૂર હોવાની જરૂર છે. આપણે માણસો તરફથી મહિમા શોધવાની જરૂર નથી. દેવના ઘરમાં તથા દેવની સેવામાં શું કરવું જોઈએ તે શોધવા માટે આપણને પવિત્ર આત્મા, જ્ઞાન તથા દિવ્ય અભિષેકની જરૂર છે, અને આપણે બધું જ માણસોને માટે નહિ પણ દેવને માટે છે એમ સમજીને કરવું જોઈએ.

સ્તેફનની એવી ઇચ્છા હતી કે તે પ્રભુની તથા લોકોની સેવા કરે. તેને બોધક થવાની ઝંખના નહોતી. કેટલાક લોકો એવા હોય છે જેઓને નાઃકેવળ બોધક થવાની ઝંખના હોય છે. પણ કેવળ રવિવારે અને મોટી મેદનીને જ બોધ આપવાની ઝંખના હોય છે. બોધ આપતી વખતે અને આમતેમ હાથ હલાવતી વખતે તેમને ખૂબ આનંદ આવે છે. કોઈ મોટી સભામાં વચન આપવાનું કહેવામાં આવે તો એકદમ ખૂબ આનંદથી તે સ્વીકારી લે છે. અને કહે છે, "હા, જરૂર, વચન આપવા સારૂ હું એકદમ રાજી છું." પણ એ જ લોકોને કોઈ ગૃહ સભા લેવાનું કહેવામાં આવે તો, કહેશે, "ભાઈ, આજે મારી તબિયત સારી નથી." અથવા "મારી પત્નીએ મને કહ્યું છે કે આજે વહેલા આવજો, બાળકની તબિયત સારી નથી. તેથી મને માફ કરો." આવા માણસો મોટા ટોળાને જ વચન આપી શકે છે. સ્તેફન આ પ્રકારનો માણસ નહોતો. બોધક તરીકે આગળ આવવા તે ચાહતો નહોતો. ભોજન પીરસવામાં તથા ગરીબોની દેખભાળ કરવામાં તેને સંતોષ હતો. તે આનંદપૂર્વક સેવા કરતો અને બધા લોકો જાણતા હતા કે તે પવિત્ર

આત્મા તથા જ્ઞાનથી ભરપૂર હતો. દરેક સ્થળે કેવો વર્તાવ કરવો તે તે જાણતો હતો, કેવી રીતે નમ્ર, દીન, માયાળુ તથા કાળજીવાન હોવું તે તેને ખબર હતી. નાની નાની વાતોમાં અને જે રીતે તે કરવામાં આવે છે તે દ્વારા જ્ઞાન પ્રગટ થાય છે.

તમે શું દિવ્ય પસંદગી પામેલું પાત્ર બનવા ચાહો છો? તો નાની સામાન્ય વાતોને આનંદપૂર્વક, માણસોને માટે નહિ પણ દેવને માટે છે એમ સમજીને કરવા સારૂ ઇચ્છુક અને તૈયાર રહો, અને દેવ પોતે તમને તેના પવિત્ર આત્માથી તથા જ્ઞાનથી ભરપૂર કરશે આ રીતે સ્તેફન દેવનું પાત્ર બનવા પસંદ થયો. પ્રે. કૃ. ૬ : ૮ સ્તેફન કૃપાથી તથા સામર્થ્યથી ભરપૂર હતો, તેણે લોકોમાં અદ્દભૂત કામો તથા ચમત્કારો કર્યાં." વિધવાઓની સંભાળ રાખવા માટે તથા અન્ય કામ માટે તેને પસંદ કરવામાં આવ્યો હતો. પણ થોડા જ સમયમાં એ જણાઈ આવ્યું કે તે વિશ્વાસનો માણસ હતો. તે બીજાઓ પાસેથી પૈસા માગતો નહોતો. તે કહી શકયો હોત, "આખી મંડળીએ આ લોકોની દેખભાળ માટે મને પસંદ કર્યો છે. હવે યરૂશાલેમમાં આટલી વિધવાઓ, આટલાં બાળકો અને આટલાં ધાવણાં બાળકો છે. તેમના ભરણપોષણ માટે વધારે પૈસા આપો." આજે કલ્પના કરો કે સ્તેફન અમેરીકામાં છે. લોકોની જરૂરિયાત અને મુશ્કેલીઓ વિષે લાંબી લાંબી વાર્તાઓ તેની પાસે છે. અને માગે છે, "આ વિધવાઓ અને અનાથો માટે ડોલરો આપો." ઓ અમેરીકન ડોલરોના ભિખારીઓ! વિશ્વાસના પુરૂષો બનો. દેવ પર ભરોસો રાખતાં શીખો. તે તો જીવંત, સામર્થી અને અવિકારી દેવ છે તે સઘળું કરી શકે છે. શા માટે તેના સેવકોએ ભીખ માગવી જોઈએ? શું તેઓને વિશ્વાસ નથી માટે? સ્તેફન વિશ્વાસપૂર્ણ જન હતો. વિશ્વાસથી જરૂરિયાતો પૂર્ણ થતી તે જોઇ શકયો. દેવે ચમત્કારો કર્યાં અને એમ સ્તેફનને તે કાર્યને માટે પોતે પસંદ કર્યો હતો તે જાહેર કર્યું. શું દેવે તમને પસંદ કર્યા છે?

તમે તેની ઇચ્છા પૂર્ણ કરવા રાજી હો તો તે તમને પસંદ કરશે અને તમને વિશ્વાસના પુરૂષ બનાવશે. દેવના કાર્યનું આશ્ચર્ય તમને બતાવશે. તે તો જીવંત દેવ છે. પ્રે. કૃ. ૬ : ૧૦ માં આપણે વાંચીએ છીએ, "તે એવા જ્ઞાનથી તથા આત્માની પ્રેરણાથી બોલતો હતો કે તેઓ તેની સામે ટકી શકયા નહિ સ્તેફન તેનું કામ કરતો રહ્યો અને સાથે સાથે જેઓ તેને મળતા તે સૌને દેવનું વચન આપતો રહ્યો. તે તો એક દીન, સાધારણ માણસ હતો પણ દેવના આત્માથી ભરપૂર હતો અને દિવ્ય જ્ઞાનથી પણ ભરપૂર હતો જે દ્વારા શિક્ષિતોનાં મોં તે બંધ કરી શકયો. તમે દેવને આધીન થતા જશો તેમ તે તમને દિવ્ય જ્ઞાન આપશે જેથી તમે હરેક પરીસ્થિતિને પહોંચી વળશો અને તમને તેનું પસંદ કરેલું પાત્ર બનાવશે.

આપણામાંના હરેકની આ તીવ્ર ઇચ્છા હોવી જોઈએ. શું તમે તેના તેડાને આધીન નહિ થાઓ જેથી તે તમને તેનું પસંદ કરેલું પાત્ર બનાવે ! કેવળ ત્યારે જ તમે સામર્થ્ય અને પવિત્ર આત્માથી ભરપૂર વ્યક્તિ બનશો.

## પ્રકરણ : ૪

# સાક્ષી તરીકે પસંદ કરાએલા

સ્તેફનના જીવનના નમૂના ઉપરથી આપણે શીખ્યા કે દેવની પસંદગીનો આધાર રાજીખુશી, આધીનતા અને વિશ્વાસ ઉપર છે. હું તમને મારો પોતાનો અનુભવ કહેવા ચાહું છું કેમકે મારો પ્રભુ મને પસંદ કરે એ મારે માટે એક મહાન અને અદ્દભુત બાબત છે. હું ચાહું છું કે બીજા લોકો પણ સમજે કે પ્રભુ કેવી સામાન્ય રીતે આપણને તેડે છે. અને આપણી સાથે વાત કરે છે, જેથી જ્યારે પ્રભુ તેમને તેડે ત્યારે તેઓ તેનું સાંભળવામાં નિષ્ફળ ના જાય.

૧૯૩૦ ની સાલમાં વીનીપેગ, કેનેડામાં મારા બદલાણ પછી થોડા જ સમયમાં હું એક રવિવારે સવારે સભામાં ગયો. સભા પછી હું બહાર ઉભો હતો ત્યારે એક માણસે આવીને મારી સાથે હસ્તધૂનન કર્યું. તેમની મજબૂત પકડને હાલ પણ હું અનુભવી શકું છું. તેમણે મને કહ્યું, "ભાઈ, શા માટે તમે ભારત જઈને સુવાર્તા પ્રચાર કરતા નથી ?" મેં જવાબ આપ્યો, "ભાઈ, હું એક ઇજનેર છું. ઇજનેર થવા માટે અનેક વર્ષો મેં અભ્યાસ કર્યો છે. પણ વિશેષ તો એ છે કે હું જીભે તોતડાઉં છું. અને એવો બીકણ છું કે થોડા લોકોની આગળ પણ હું ઉભો રહી શકતો નથી. જ્યારે તેમને જોઉં છું ત્યારે મારાં ઘૂંટણો કાંપે છે. આવો તોતડો માણસ કેવી રીતે પ્રચારક બની શકે ?" તે ભાઈએ કશું જ વધારે કહ્યું નહિ. પણ પૂરાં બે વર્ષ સુધી એ શબ્દો ફરી ને ફરી મારી સમક્ષ આવતા જ રહ્યા. તેમના હાથની પકડ હું અનુભવી શકતો અને મારા હૃદયમાં તેમના શબ્દો ગૂંજ્યા કરતા. "શા માટે તમે પ્રચાર નથી કરતા? શા માટે તમે પ્રચાર નથી કરતા ?" મેં પ્રભુને કહ્યું, પ્રભુ, હું વચન આપું છું

કે મારા બધા જ પૈસા હું તમને આપીશ. મારા પોતાના માટે કોઈ મકાન બાંધવાની મને ઇચ્છા નથી અને મારે બીજી કોઈ સગવડ પણ જોઈતી નથી. મારા બધા જ પૈસા તમને આપવાનું હું વચન આપું છું. આ રીતે અનેક પ્રચારકોને હું કામે લગાડી શકીશ, પણ મહેરબાની કરીને મને પ્રચારક બનાવશો નહિ.

પણ દેવે મને કહ્યું, "મારે તારા પૈસા જોઈતા નથી. મારે તારી જરૂર છે." પૂરાં બે વર્ષ સુધી આ શબ્દો ફરી ને ફરી મારા કાનમાં ગૂંજતા રહ્યા. મારા જેવો માણસ, આટલી બધી સીમાબદ્ધતા સહિત કેવી રીતે જાહેર વકતા બની શકે તે હું સમજી શકતો નહોતો, મારી ઇચ્છાનુસાર હું મારી જીભ વાપરી શકતો નહોતો. હું બિલકુલ ગાઈ શકતો નહોતો. અને સંગીતની બારાખડી પણ મને આવડતી નહોતી. આવો માણસ કેવી રીતે જાહેર વકતા બની શકે ? હું ધારતો હતો કે મારા પૈસા વડે હું દેવની સેવા કરી શકીશ. મારી મૂર્ખતામાં અને મારા અંધાપામાં બે વર્ષ સુધી દેવની સાથે વાદવિવાદ કરતો રહ્યો, અને હું શું કરતો હતો તે પણ હું જાણતો નહોતો. હું ધારતો હતો કે નોકરી કરવી સારી છે પણ દેવ વધારે સારું જાણતો હતો. તે એટલો પ્રેમાળ, સહનશીલ અને ધીરજવાન છે; આપણે તેને દુઃખી કરીએ, નિષ્ફળ જઈએ અને ઘાયલ કરીએ તોપણ તે આપણને છોડતો નથી. દેવ આપણને શા માટે પસંદ કરે એ ખરેખર એક મર્મ છે, તેનું કારણ એ છે કે તેનો આપણા ઉપર હક છે. તે મારો સૃષ્ટિકર્તા છે, સામર્થી દેવ છે, અને તે જાણે છે કે જ્યારે આપણે તેને આધીન થઈએ અને તેની પાછળ ચાલીએ તો આપણામાં અને આપણા દ્વારા તે જે શક્તિથી કામ કરે છે તેને આપણે પૂરી રીતે સમજી શકીશું.

તારણ સંબંધી પણ આ સત્ય છે. મારા જેવા મહાન પાપીને દેવ શા માટે પસંદ કરે ? મને યાદ છે, ૧૯૧૯ ની સાલમાં, પંજાબમાં,

ખ્રિસ્તીઓ અને બાઇબલ પ્રત્યે મારો ધિક્કાર દર્શાવવા માટે મેં બાઇબલ ફાડી નાખ્યું હતું, દેવ અને તેના લોકો વિરૂદ્ધ દુર્ભાષણના શબ્દો હું બોલતો રહ્યો. અને ક્રમેક્રમે હરેક દુષ્ટ આદતનો ગુલામ બની ગયો, છતાં મારા પ્રભુએ, પોતાને મારી આગળ પ્રગટ કર્યો ત્યારે મને દોષ ના દીધો કે "તેં ફલાણું ફલાણું કામ કર્યું," પણ હું પોતે મારાં પાપ જોઈ શકયો. તેની હાજરીએ મારાં પાપ પ્રગટ કર્યાં. મારે શું કરવું જોઈએ અને શું નહિ તે મને કોઈએ કહ્યું નહિ. તેની હાજરી દ્વારા મારી કુઇચ્છાઓ જતી રહી. તે પોતે મારી પાસે આવ્યો. હું કદી તેની પાસે ગયો નહોતો, વાસ્તવમાં હું તેનાથી દૂર જતો હતો. મેં તેની તરફ પીઠ ફેરવી હતી. પણ મારાથી અણજાણ તે પગલેપગલે મારી પાછળ આવતો હતો.

હું પ્રભુનો આભાર માનું છું કે સને ૧૯૨૯માં ડીસેમ્બરની ૧૬મી તારીખે મારા સામર્થી પ્રભુએ મને આ શબ્દો કહ્યા: "આ મારૂં શરીર છે જે તમારે સારૂ ભાંગવામાં આવ્યું છે; નવા કરારનું આ મારૂં લોહી છે જે તમારાં પાપોની માફીને અર્થે વહેવડાવવામાં આવ્યું છે." આ શબ્દો મેં મારા પોતાના ઓરડામાં સાંભળ્યા. હું કોઈ સભામાં ગયો નહોતો કે ના તો કોઈ મારી સાથે વાત કરતું હતું યા સુવાર્તા આપતું હતું, 'તારણ' અને 'નવો જન્મ' એ શબ્દોનો અર્થ સુદ્ધાં હું જાણતો નહોતો. માત્થી, માર્ક, લુક અથવા યોહાન કોણ છે તે પણ હું જાણતો નહોતો, માત્થી શબ્દના અર્થની મને ખબર નહોતી, અને તે પુરુષ, સ્ત્રી, શહેર કે ગામ, કોનું નામ છે તે પણ હું જાણતો નહોતો. તમે કદાચ મને હસી કાઢશો પણ હું એવો અંધ હતો. તે સવારે મારા પ્રભુએ મારા પાપ પ્રગટ કર્યાં પછી મેં કહ્યું, "મારા જેવા પાપી માટે શું કોઈ આશા છે? મારી પાસે પૈસા છે પણ શાંતિ નથી. મારી પાસે કેળવણી છે પણ મારા જીવનમાં હાર સિવાય બીજું કાંઈ નથી. બહારથી તો હું સુસંસ્કૃત દેખાઉં છું પણ અંદર તો હું દુષ્ટ છું. ઓ પ્રભુ, મારા જેવા માણસ માટે શું કોઈ આશા છે?"

આ પછી બહુ સ્પષ્ટતાથી, સાફ સાફ રીતે, પ્રેમપૂર્વક આ શબ્દો મારી પાસે આવ્યા. "આ મારૂં શરીર છે જે તમારે સારૂ ભાંગવામાં આવ્યું છે; નવા કરારનું આ મારૂં લોહી છે જે તમારા પાપોની માફીને અર્થે વહેવડાવવામાં આવ્યું છે." મેં કહ્યું, "ઓ પ્રભુ, હું એવો મૂર્ખ છું કે આ શબ્દોનો અર્થ સમજી શકતો નથી. પણ હું વિશ્વાસ કરૂં છું કે તે તમારા શબ્દો છે." ત્યારે એક અવાજ આવ્યો "મારા પુત્ર, જા, તારા પાપ તને માફ થયા છે." કામ સંપૂર્ણ થયું. આ રીતે તેણે મને પસંદ કર્યો. હું દુર્ભાષક હતો, હરેક પાપનો ગુલામ હતો, આત્મિક રીતે સંપૂર્ણપણે અંધ હતો. છતાં તેણે મને શોધ્યો અને મને પસંદ કર્યો. હું તે જાણું છું, હું વિશ્વાસ કરૂં છું. તે મારો છે અને હું તેનો છું. પ્રેમી ત્રાતાનો અવાજ તમારા કાનો સુધી પણ આવો. જેમ જેમ તમે તેને આધીન થતા જશો અને તેની પાછળ પાછળ ચાલશો તેમ તેમ તે પોતે તેની સંપૂર્ણ ઇચ્છા તમને શીખવશે.

આપણે જોઈ ગયા કે કેવી રીતે પ્રભુએ સ્તેફનને પસંદ કર્યો. આપણે ગીત ૧૦૬ : ૪–૫માં એ પણ જોયું કે ગીતકર્તા ત્રણ વાતોની ઝંખના રાખે છે. "હું તારા પસંદ કરેલાઓનું કલ્યાણ જોઉં, તારી પ્રજાના આનંદમાં હું આનંદ માણું ને તારા વારસાની સાથે હું હર્ષનાદ કરૂં." આ સારી આત્મિક પ્રાર્થના છે. ઘણીવાર આપણે કેવળ જગિક નાશવંત વસ્તુઓ માટે પ્રાર્થના કરીએ છીએ. નિશાળમાં અને કોલેજમાં અભ્યાસ કરતાં હોઈએ છીએ ત્યારે પરીક્ષા અગાઉ પ્રાર્થના કરીએ છીએ, "ઓ પ્રભુ, મને મદદ કરો કે હું પરીક્ષામાં પાસ થઈ જાઉં." કેટલાક યુવાનો અને યુવતીઓ પ્રાર્થના કરે છે. "પ્રભુ ઉચ્ચ કેળવણી ધરાવનાર પતિ યા પત્ની મને આપો.–ઓછામાં ઓછું બી. એ.ની ઉપાધિ તો જોઈએ જ." એક યુવાન યુવતીની માગણી કરે કે જે બહુ જાડી ના હોય, બહુ ઉંચી ના હોય, બને તો ગોરી હોય અને અલબત્ત, ગ્રેજ્યુએટ હોય. પછી પોતે ભલે કાળો અને મેટ્રીક નાપાસ હોય.

બીજાં નોકરી માટે પ્રાર્થના કરે છે અથવા બઢતી માટે પ્રાર્થના કરે છે. આ પ્રાર્થનાઓ નાશવંત વાનાં માટે છે. સાચી અને સનાતન વાતોની સમજણ તેઓને હોતી નથી. ગીત ૧૦૬ : ૫ની પ્રાર્થના કરવા દ્વારા આ બીજી બાબતો દેવ પોતે અવશ્ય આપશે.

દેવે સ્તેફનને પસંદ કર્યો તે આપણે જોઈ ગયા. તે એક સાધારણ માણસ હતો. જેના કુટુંબ, માતાપિતા યા સંજોગો વિષે આપણે કંઈ જ જાણતા નથી. અચાનક જ તે દશ્યમાન થાય છે. સામાન્ય કામોમાં તે ગૂંથાએલો છે. કોઈપણ જાતના બદલાની આશા વગર તે ગરીબો અને વિધવાઓની સેવા કરે છે. પરંતુ બધા લોકો જોવા લાગ્યા કે તે સાચે જ કોઈ સાધારણ માણસ નહોતો. તેની ઝંખના એટલી જ હતી કે દેવને પ્રસન્ન કરવો, તેનું જીવન જયવંત હતું. દેવને આધીન થવાનું તેણે પસંદ કર્યું માટે તે પવિત્ર આત્મા અને જ્ઞાન, વિશ્વાસ અને સામર્થ્યથી ભરપૂર હતો. જેઓ તેના દ્વારા પસંદ થએલા છે તેઓનો આ હક છે. દેવની ઇચ્છા પૂરી કરવાની ઝંખના જો તમારા હૃદયમાં હોય તો દેવની હજુરમાં થોભો અને તમે જોશો કે તેની પોતાની રીતે તમારા હૃદયની ઇચ્છા તે પૂર્ણ કરશે. તમારી આશાઓ પૂર્ણ થાય માટે બૂમો પાડવાની કે લડવાની જરૂર નથી. દેવની આજ્ઞાઓ પાળો તેના વચનને માનો અને તેને તમારા હૃદયમાં ગ્રહણ કરો તો તમે જોશો કે જે સદ્દગુણોની તમે ઝંખના કરતા હતા તે તમારા જીવનમાં પ્રગટ થશે. દેવના સંકલ્પ પ્રમાણે તમે તેનું પસંદ કરેલું પાત્ર બનશો.

પ્રે. કૃ ૬ : ૧૩–૧૫માં આપણે જોઈએ છીએ કે દેશના આગેવાનોએ સ્તેફનની વિરૂદ્ધ જુઠા સાક્ષી ઉભા કર્યા. વડીલો અને શાસ્ત્રીઓને ઉશ્કેરવામાં આવ્યા અને તેઓએ તેના પર તૂટી પડીને તેને પકડીને સભામાં લાવ્યા અને તેની વિરૂદ્ધ જુઠી સાક્ષીઓ પૂરવામાં આવી. આ જુઠી વાતો તેની વિરૂદ્ધ તેઓ કહેતા હતા ત્યારે આખી

સભાએ તેના મોં તરફ જોયું અને તેઓને આશ્ચર્ય થયું કેમકે તેનું મેં દેવદૂતના જેવું પ્રકાશિત હતું. એક જ વ્યક્તિની વિરૂદ્ધ કેટલા લોકો ઉભા થયા હતા. આખી સાન્હેદ્રિન તેની વિરૂદ્ધ હતી. એક પછી એક જુઠા આરોપો મૂકવામાં આવ્યા. અને છતાં તેનું મોં દેવદૂતના જેવું પ્રકાશતું હતું. એ સતાવણીના સમયે તે વધારે પ્રકાશતું હતું, કેવું તારણ! કેવું પાત્ર! આવું ચમકતું મોં હોય એ કેવા અધિકાર!

જગત સુંદરતા પાછળ પુષ્કળ પૈસો ખર્ચે છે. સ્ત્રીઓ અને પુરુષો બ્યુટી ક્રીમ અને પાવડર અને સાબુ વાપરે છે. સ્ત્રીઓ સુંદરતાને લગતી શ્રેષ્ઠ દુકાનોમાં (બ્યુટી પાર્લર) જાય છે, ત્રીસથી ચાળીસ મીનિટ ત્યાં ગાળે છે અને ક્રીમ તથા પાવડરથી ચમકતા ચહેરા સાથે બહાર આવે છે. પણ આવી સુંદરતા લાંબો કાળ ટકતી નથી. નાસ્તા માટે જાય ત્યારે ઠંડી કોફી અને વાસી ઉપમા પીરસાય તો તરત જ મોંનો રંગ બદલાઈ જાય છે. કદાચ તેઓ વિચારતી હશે, "મારા વાળ જુઓ, કેવું તેલ મેં નાખ્યું છે અને વાળ કેવા વાંકડીયા થયા છે! મારા સુંદર વસ્ત્રો અને ચમકતું મોં જુઓ, અને છતાં ય જુઓ તો ખરા, મને વાસી નાસ્તો આપે છે!" એ ચમકતો ચહેરો ક્યાં ગયો?

વળી બીજા લોકો તમારી વિરૂદ્ધ વાત કરે તે તમે સાંભળો છો, અથવા તમારી વિરૂદ્ધ કોઈએ જુઠી અને શરમજનક અફવા ફેલાવી હોય તે તમે સાંભળો, તો બહુ ઉદાસ થઈને તમે ઘેર આવો છો. પત્ની કહે છે, "આવો, ચા પીઓ." પણ તમે કહો છો, "ના, મને રૂચિ નથી." ફરીથી તે તમને બોલાવે છે પણ ફરીથી તમે કહો છો, "ના, મને રૂચિ નથી." આમ ચાલ્યા કરે છે. તમને ઉંઘ આવતી નથી અને તમે નિસાસા નાખતા ફરો છો. પરંતુ જો તમે દેવનું પસંદ

કરેલું, અભિષિક્ત, આત્માથી ભરપૂર પાત્ર હો, તો લોકો જેમ જેમ બુરો વ્યવહાર કરે તેમ તેમ તમારો ચહેરો વધારે ચમકતો જશે. લોકો તમને ધિક્કારે, તમારી વિરૂદ્ધ અનેક જુઠી અને ખોટી વાતો કરે તો પણ તમારૂં મોં દેવદૂતના જેવું પ્રકાશશે. ગરીબાઈમાં કે બીજા ગમે તેવા સંજોગોમાં તમારૂં મોં ચમકતું રહેશે. તમે ઠંડી કોફી પીઓ અને વાસી ખોરાક ખાઓ તોય તમારૂં મુખ ચમકશે. જ્યાં જાઓ ત્યાં ચમકતો ચહેરો, એ હરેક વિશ્વાસીને માટે દેવની યોજના અને દેવનો સંકલ્પ છે.

આપણે જ્યારે પ્રભુ ઈસુની પાસે આવીએ છીએ ત્યારે તેનો પ્રકાશ સૌ પ્રથમ આપણા હૃદયમાં, ત્યાર પછી મોં ઉપર અને પછી આપણા રસ્તા ઉપર ચમકે છે. ત્રિવિધ દિવ્ય જ્યોતિ. શું આ અર્થમાં તમે દેવનું પસંદ કરેલું પાત્ર બન્યા છો? શું તમારૂં મોં એવું પ્રદર્શિત છે કે તમારી પત્નીને કહેવાની ફરજ પડે છે. "શું આ ખરેખર મારા પતિ છે? શું ખરેખર એ જ વ્યક્તિ છે! પહેલાં તો તેઓ કેવા કઠોર દેખાતા હતા, હવે તો તેમના મોં ઉપર પ્રેમાળ અને કોમળ નજર દેખાય છે. શું બન્યું છે?" કોઈ પ્રચારકો યા સંદેશાઓએ નહિ પણ પ્રભુએ, ખુદ જીવંત દેવે તમને ચમકતો ચહેરો આપ્યો છે. અને જો એમ છે તો કસોટીઓ, મુશ્કેલીઓ, સતાવણી અને કષ્ટો હોવા છતાં તમારૂં મો દિન પ્રતિદિન વધારે ને વધારે ચમકતું રહેશે. આવા ચમકતા ચહેરાથી આપણે શત્રુને હરાવી શકીએ છીએ. સ્તેફનનો બચાવ કરવા કોઈ વકીલની જરૂર નહોતી. તેનું ચમકતું મોં જ તેનો વકીલ હતો, તમારા સંબંધી પણ એવું જ હોવું જોઈએ. બીજાઓ તમને ધિક્કારે, સતાવે કે દુર્વ્યવહાર કરે તો પણ એક સાક્ષી તરીકે મોં પર પ્રકાશ હોવો જરૂરી છે. ૨ કોરીંથી ૪ : ૬ પ્રભુની હાજરીમાં તમે વધારે સમય ગાળશો તેમ તેમ તમારા મોં પર વધારે પ્રકાશ આવશે. તમારાથી

અજાણ, બીજા લોકો દેવનો પ્રકાશ તમારા મોં પર જોશે અને તે દિવસે તમે દુઃખોને માટે પણ પ્રભુનો આભાર માનશો.

પ્રે. કૃ. ૭: ૨માં સ્તેફન કેવો બચાવ કરે છે તે જુઓ. તે એમ નથી કહેતો કે "ઓ દુશ્મનો, સાંભળો." તે કહે છે, "ભાઈઓ તથા વડીલો, સાંભળો." આખું ટોળું તેની વિરૂદ્ધ છે છતાં તે તેમને ભાઈઓ કહે છે અને તેનું મોં ખુબ જ પ્રકાશથી પ્રકાશી રહ્યું છે. કોઇ ને કોઈ રીતે તે જાણતો હતો કે તેઓ મનમાં શો વિચાર રાખતા હતા અને તેથી તેના સંદેશાએ તેમને જવાબ આપ્યો. "આપણો પૂર્વજ ઇબ્રાહીમ હારાનમાં રહેવા આવ્યો તે અગાઉ તે મેસોપોટેમ્યામાં રહેતો હતો ત્યારે મહિમાવાન દેવે તેને દર્શન દીધું." તે દેવને 'મહિમાવાન દેવ' કહીને બોલાવે છે. યહુદીઓ તેમના પૂર્વજો વિષે ખુબ જ અભિમાન રાખતા હતા. તેઓ કહેતા કે, અમારો ઇબ્રાહીમ, અમારો ઇસ્હાક. અમારો યાકુબ, અમારો મુસા વિ., પરંતુ દેવે શા માટે ઇબ્રાહીમને દર્શન આપ્યું તે તેઓ જાણતા નહોતા. ઘણા એવા ખ્રિસ્તીઓ છે જેઓ ઘમંડથી કહે છે કે તેઓ વિધર્મીઓ નથી અને ખ્રિસ્તી હોવાનું અભિમાન કરે છે પરંતુ 'ખ્રિસ્તી' શબ્દનો અર્થ શો છે તે પણ તેઓ જાણતા નથી. તે યહુદીઓની દશા પણ આવી જ હતી. દેવે ઇબ્રાહીમને કઈ રીતે અથવા શા માટે દર્શન આપ્યું હતું તે તેઓ જાણતા નહોતા. સ્તેફને પવિત્ર આત્માથી ભરપૂર થઇને જાહેર કર્યું કે મહિમાવાન દેવ તરીકે દેવે ઇબ્રાહીમને દર્શન આપ્યું. કયા હેતુસર? એક દેશજાતિ તરીકે ઇબ્રાહીમનાં સંતાન એ જ મહિમા પામે. પરંતુ ઇસ્રાએલ તે વિષે બધું જ ભૂલી ગયા હતા. શરૂઆતથી જ. દેવની યોજના હતી કે તેનો મહિમા તેઓને પરિપૂર્ણ કરે. આ જ કારણથી મુલાકાતમંડપ અને પાછળથી મંદિરનું બાંધકામ પૂરૂં થયું ત્યારે લખેલું છે કે દેવના મહિમાથી તે સ્થાન ભરાઈ ગયું. નિર્ગમન

૪૦ : ૩૪ અને ૨ કાળ. ૭ : ૧. સુલેમાનનું મંદિર અને મુલાકાતમંડપ બન્ને દેવના મહિમાથી ભરપૂર થયાં. દેવે તેમની પાસેથી સોનું કે રૂપું માંગ્યાં નહોતાં પણ એક સ્થાન, જે તેના મહિમાથી ભરપૂર થાય. તેઓ પોતે કેવી રીતે દેવના મહિમાથી ભરપૂર થાય તે તેઓને શીખવવામાં આવ્યું હતું. પણ તેઓ તે વિષે સદંતર ભૂલી ગયા હતા. તેમની આંખો કેવળ તેમના ઉપર અને તેમના મંદિર તથા તેની ભવ્યતા ઉપર હતી. હાથે બનાવેલા મંદિર વિષે તેઓને એટલો ઘમંડ હતો; પણ મહિમાવાન દેવે એટલા માટે દર્શન આપ્યું હતું કે તેઓ તેનો મહિમા જુએ અને તેમના પોતામાં તે મહિમા નિવાસ કરે. દેવ હાથે બનાવેલા મકાનમાં રહેતો નથી. તે એક જીવંત મંદિરમાં રહેવા ચાહે છે. ૧ કોરીંથી ૩ : ૧૬માં દેવનું વચન કહે છે, "તમે દેવનું મંદિર છો." દેવ કહે છે, "હું તેઓમાં રહીશ તથા તેઓની સાથે ચાલીશ." ૨ કોરીંથી ૬ : ૧૬. દેવને એક મંદિર જોઈએ છે જેથી તેના લોકો દિવ્ય નિયમો શીખી શકે જે દ્વારા તેઓમાં તે નિવાસ કરી શકે તેનો અર્થ એ નથી કે તેઓ એક ક્ષણભર દેવનો મહિમા જોશે પણ સનાતનકાળને માટે તેઓ તે મહિમાથી ભરપૂર થશે અને તે મહિમા તેઓમાં નિવાસ કરશે.

તમને પસંદ કરવામાં દેવનો સંકલ્પ કયો છે? તેને તમારા પૈસાની જરૂર નથી કે નથી તમારા સોના–રૂપાની જરૂર; તેને તો તમારી જરૂર છે. તે તમને માગે છે જેથી તેના મહિમાથી તમે પરીપૂર્ણ થાઓ, જેથી તેની હાજરી તમારી સાથે હોય, જેથી તમે નવી રીતે જીવન વિતાવો અને નવી રીતે ચાલો. દેવ ચાહે છે કે તમારૂં શરીર તેનું મંદિર બને જેથી તેનો મહિમા તમારામાં આવી વસે. તે કારણથી દેવે તમને પસંદ કર્યાં છે.

દિવ્ય મહિમાથી ભરપૂર થવા માટે શું તમે રાજી, આતુર અને ઇન્તેજુક હો? તો તમારું મુખ પ્રકાશશે. ગમે ત્યાં, ગમે તે સ્થળે, મિત્રો મધ્યે કે દુશ્મનો મધ્યે, એકલવાયી અવસ્થામાં કે બુરા સંજોગોમાં, જ્યાં હો ત્યાં તમારું મુખ પ્રકાશશે. કોઈપણ કુટુંબમાં, પાડોશમાં કે પરિસ્થિતિમાં, આરોગ્યમાં કે અનારોગ્યમાં તમારું મુખ પ્રકાશશે. શા માટે? કારણ કે, તમારા હૃદયમાં તમે મહિમાવાન દેવને સ્થાન આપ્યું છે તેથી દેવના મહિમાના નિવાસનું સત્ય તમે સમજી શકશો.

પ્રભુ આપણી સહાય કરો કે આપણે તેનો મહિમા જોઈએ અને આપણા મુખ પર તે પ્રતિબિંબીત થાય.

## પ્રકરણ : ૫
# તેના મહિમાને સારૂ પસંદગી

આપણે જોતાં આવ્યાં છીએ કે કેવી રીતે ગીતકર્તા ત્રણ વાતોની ઝંખના રાખતો હતો. "તારા પસંદ કરેલાઓનું કલ્યાણ જોઉં, તારી પ્રજાના આનંદમાં હું આનંદ માનું ને તારા વારસાની સાથે હું હર્ષનાદ કરૂં." આપણે પ્રથમ ભાગ વિષે મનન કર્યું.–તારા પસંદ કરેલાઓનું કલ્યાણ જોઉં. પ્રથમ આવશ્યકતા એ છે કે દેવનું પસંદ કરેલું પાત્ર બનવું અને દેવના હાથમાં આવવું. આને માટે આપણા પક્ષે ઇચ્છા હોવી જરૂરી છે. આ પગલું ભર્યા પછી સ્પષ્ટ થશે કે કેવી રીતે દેવ આપણને બીજાં બે અનુભવોમાં દોરી જશે, જે એકને બીજામાં લઈ જાય છે. આ સ્પષ્ટ કરવા માટે દેવે સ્તેફનનું જીવન આપણી આગળ રજુ કર્યું છે.

હવે આપણે બીજા ભાગ તરફ આવીએ છીએ. "તારી પ્રજાના આનંદમાં હું આનંદ માનું." ફરીથી આપણે પ્રે. કૃ. ૭ : ૧–૨ તરફ જોઈએ. "ત્યારે પ્રમુખ યાજકે પૂછ્યું, કે શું આ પ્રમાણે હકીકત છે? સ્તેફને કહ્યું કે ભાઈઓ તથા વડીલો, સાંભળો. આપણો પૂર્વજ ઇબ્રાહીમ હારાનમાં રહેવા આવ્યો તે અગાઉ તે મેસોપોટામ્યામાં રહેતો હતો. ત્યારે મહિમાવાન દેવે તેને દર્શન દઈને કહ્યું આપણે જોયું કે પસંદ કરેલા પાત્રને દુશ્મનોએ સતાવ્યો અને તેની વિરૂદ્ધ જુઠ્ઠા આક્ષેપો મૂક્યા ત્યારે તેનું મોં સ્વર્ગદૂતના જેવું પ્રકાશતું હતું. આ જોઈને તેઓને ઘણું આશ્ચર્ય થયું. દેવના પસંદ કરેલા પાત્ર તરીકે તેણે આ અર્થપૂર્ણ શબ્દો દ્વારા તેમને બતાવ્યું કે આરંભથી જ દેવનો સંકલ્પ એ હતો કે તેની પ્રજાને તેના મહિમામાં દોરી લઈ જાય. ૧ થી ૫૦ કલમોમાં તેણે આખો ઇતિહાસ રજુ કર્યો અને બતાવ્યું કે તે દેશને પસંદ કરવામાં દેવનો સંકલ્પ કયો હતો.

એ આખી વાર્તાને આપણે સાત ભાગમાં વિભાજીત કરી શકીએ છીએ. પ્રથમ ત્રણ ભાગમાં ઈબ્રાહીમ, ઈસહાક અને યાકુબ આવી જાય છે. ત્યારપછી મિસર દેશ, અરણ્યપ્રવાસ, કનાન દેશ અને છેવટે સુલેમાને બાંધેલું મંદિર. સ્તેફને તેનું પ્રવચન ઈબ્રાહીમથી શરૂ કર્યું અને સુલેમાનથી અંત કર્યું. ત્યાંથી આગળ તે વધી શકયો નહિ કેમકે તેના તહોમતદારો અત્યંત ગુસ્સે થઈ ગયા હતા. પરંતુ જે કહેવું આવશ્યક હતું તે બધું જ તેણે કહી દીધું હતું. સ્તેફને એક રહસ્ય તેમને પ્રકટ કર્યું કે દેવ તેની પ્રજાને એટલા માટે તૈયાર કરી રહ્યો હતો કે તેઓ તેના તરફથી મહાન સ્વર્ગીય આનંદ પ્રાપ્ત કરે. ૨ કાળ. ૭ : ૧–૩ દેવની પ્રજા તરીકે તે તેમને માટે સૌથી વધારે આનંદનો દિવસ હતો. આખા ઇતિહાસની સર્વોચ્ચ સ્થિતિ હતી. દેવની આપેલી સ્વર્ગીય યોજના અનુસાર મંદિરનું બાંધકામ જ્યારે પૂરૂં થયું ત્યારે અગ્નિ ઉતરી આવ્યો અને બલિદાનને ભસ્મ કર્યું અને ત્યારે દેવના મહિમાએ આખા મંદિરને ભરી દીધું. તમામ ઇસ્રાએલ પુત્રોએ ભૂમિ સુધી માથાં નમાવ્યાં અને પ્રભુની સ્તુતિ કરી અને તેનું ભજન કર્યું. તેઓ સ્વર્ગીય આનંદથી ભરપૂર થયા કેમકે આવું તેમણે કદી જ જોયું નહોતું. સાચે જ આખા ઇતિહાસમાં તે સૌથી વધારે આનંદનો દિવસ હતો કેમકે તે દિવસે શક્તિમાન અને જીવંત પરમેશ્વર, પવિત્ર અને છતાં યે પ્રેમી પરમેશ્વર તેના પૂર્ણ મહિમા સહિત તેઓ મધ્યે ઉતરી આવ્યો હતો. અને દરેક હૃદય પૂર્ણ શાંતિથી ભરપૂર હતું. તેમના બધા શત્રુઓને સ્વાધીન કરવામાં આવ્યા હતા અને આખું રાજ્ય શાંતિ તથા ન્યાયીપણાથી ભરપૂર હતું. મંદિર દિવ્ય હાજરીથી ભરાઈ ગયું હતું. ગીત ૧૦૬ : ૫માં ગીતકર્તા પ્રાર્થના કરતાં કહે છે કે 'તારી પ્રજાના આનંદમાં હું આનંદ માનું.' ત્યારે આ પ્રકારના આનંદ તથા ખુશી વિષે તે કહે છે. એ જગિક નહિ પણ સ્વર્ગીય આનંદ હતો, જે જગતના બધા જ લોકો સાથે વહેંચી શકાતો નથી. જીવંત પરમેશ્વર તેની પ્રજા મધ્યે વસે અને કામ કરે ત્યારે જે આનંદ આવે છે તે આનંદની ઝંખના ગીતકર્તાને હતી.

તેઓ કઈ રીતે આ સ્થાને પહોંચ્યા? પ્રથમ, દેવે ઇબ્રાહીમને પસંદ કર્યો અને તેના દ્વારા ઇસ્હાકને તથા યાકુબને પસંદ કર્યા. યાકુબના જીવનકાળ દરમિયાન તેઓ મિસર દેશમાં ગયા અને અને ત્યાંથી તેઓ અરણ્યમાં આવ્યા. ત્યાં ચાળીસ વર્ષો સુધી રખડ્યા બાદ તેઓ કનાન દેશમાં આવ્યા. ત્યાં પણ અનેક વર્ષો સુધી તેમને રાહ જોવી પડી તથા દુઃખ સહન કરવું પડ્યું. પણ છેવટે દેવના મહિમાથી જ્યારે મંદિર ભરાઈ ગયું ત્યારે તેઓએ દેવના સંકલ્પને પૂરો થતો જોયો.

દેવ પોતાના સંકલ્પ પૂર્ણ કરવા સારૂ જે રીતે મનુષ્યોને પસંદ કરે છે તે બહુ સૂચક હોય છે શું આ એક ખાસ વાત નથી કે ઇબ્રાહીમની સ્ત્રી નિઃસંતાન હતી, ઇસ્હાકની સ્ત્રી પણ નિઃસંતાન હતી અને યાકુબની સ્ત્રી રાહેલ પણ નિઃસંતાન હતી! નિશ્ચે દેવ બતાવી રહ્યો છે સ્વાભાવિક રીતે આપણે નિષ્ફળ છીએ. જગતમાં પાપ આવ્યું અને એ પાપ માનવી પ્રયત્ન દ્વારા દૂર થઈ શકતું નથી. ઇસ્રાએલ અનેક વર્ષો સુધી નિઃસંતાન રહ્યો જેથી લોકો જાણે કે પાપને કારણે આપણે નિષ્ફળ છીએ. એક વ્યક્તિ પુષ્કળ ધન કમાય, યા ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરે, પણ જો તેના જીવનમાં દેવને માટે કાંઈ જ નથી તો તે નિષ્ફળ રહે છે. દેવ એવી વસ્તુઓ ચાહે છે જે સનાતન કાળ સુધી ટકે. સૌ પ્રથમ પાઠ દેવ આપણને એ શીખવવા માગે છે કે સ્વભાવસિદ્ધ આપણે નિષ્ફળ અને ઉજ્જડ છીએ.

અદ્‌ભૂત રીતે દેવે ઇબ્રાહીમને તેની વૃદ્ધાવસ્થામાં એક સંતાન આપ્યું. ઇબ્રાહીમ અને તેની પત્ની ઘણાં વૃદ્ધ થયાં હતાં અને સંતાન પ્રાપ્ત કરવાની માનવી આશા મરી પરવારી હતી. તેઓ સૂકાં ઝાડ જેવાં બની ગયાં હતાં. પણ દેવે વચન આપ્યું હતું અને તેણે તે વચન પૂરૂં કર્યું અને તેમનાં શરીરોમાં નવું જીવન રેડ્યું. આ રીતે ઇસ્હાકનો જન્મ થયો. તેનો જન્મ પુનરૂત્થાનના સામર્થ્ય વિષે, મૃત્યુને જીતનાર સામર્થ્ય

વિષે બોલે છે. શું તમને સ્વર્ગીય આનંદ, ફળવંતતાનો આનંદ જોઈએ છે? તો પ્રથમ પુનરૂત્થાનના સામર્થ્યને જાણવું પડશે. તમારા જીવનમાં જે મરણ અને નિષ્ફળતા છે તેને જીતવા માટે આ સામર્થ્ય મળી શકે છે. એ હેતુસર આપણો પ્રભુ મરણ પામ્યો અને પાછો ઉઠયો. જ્યારે તે વધસ્તંભ ઉપર હતો ત્યારે કેટલાક કહેવા લાગ્યા, "જો તું ખ્રિસ્ત હોય તો નીચે ઉતરી આવ અમે તારા પર વિશ્વાસ કરીશું." પણ તે ઉતરી આવ્યો નહિ. તે મરણ પામ્યો. દટાયો અને પાછો ઉઠયો. શા માટે? જેથી પુનરૂત્થાનનું સામર્થ્ય આપણને પણ મળી શકે.

બીજું ચિત્ર ઇસ્હાકનુ છે. ઉત્પત્તિ ૨૬ : ૧૨ "યહોવાહે તેને આશીર્વાદ દીધો." અને તે મોટો માણસ થયો." (કલમ ૧૬) "અને અબીમેલેખે ઇસ્હાકને કહ્યું, તું અમારી પાસેથી જા; કેમકે તું અમારા કરતાં બહુ સમર્થ થઈ ગયો છે." દેવના પસંદ કરેલા પાત્ર તરીકે તે જ્યાં જ્યાં ગયો ત્યાં ત્યાં સફળ થતો ગયો અને ટુંક સમયમાં તે બહુ ધનવાન માણસ થયો. ત્યારે દેશના તમામ લોકો અદેખાઈ કરવા લાગ્યા અને તેમણે કહ્યું, "તું અમારી પાસેથી જા." અને ગેરારના ભરવાડોએ તેને ઝઘડા, ધિક્કાર તથા દુશ્મનાવટ માટે ઉશ્કેર્યો. (કલમ ૨૦) પણ દેવે તેને એક નવી જગ્યાએ જવાનું કહ્યું. ત્યાં પણ ઇસ્હાક આબાદ થયો અને ઘણો મહાન થયો. ફરીથી લોકોએ અદેખાઈ કરી અને ઝઘડા, તિરસ્કાર અને કડવાશ માટે તેને ઉશ્કેર્યો પણ દેવની દોરવણી

અનુસાર તે આગળ વધતો જ ગયો જ્યાં સુધી કે તે બેરશેબા નામના સ્થળે પહોંચ્યો, જે ત્યારે ઘણું સારૂં હતું. પલિસ્તીઓ તેની સંપત્તિ સંબંધી પ્રશ્ન કરતા હતા. પણ દેવ તેની સાથે હતો કેમકે લડાઇ ઝઘડા, ધિક્કાર તથા દુશ્મનાવટમાં પડવા તેણે ચાહ્યું નહિ. છેવટે જ્યારે તે બેરશેબા એટલે કરારના સ્થળે આવ્યો ત્યારે દેવે તેને કહ્યું, "બી મા, કેમકે હું તારી સાથે છું,...હું તને આશીર્વાદ દઈશ."

જ્યારે દેવ દ્વારા કોઈ માણસ આશિષ પામે છે ત્યારે અવશ્ય તેનો વિરોધ થાય છે. અને લોકો તેને ધિક્કારે છે. તેનો આનંદ ચોરી લેવા માટે, તેના વિશ્વાસને નિર્બળ કરવા માટે અને તેની શાંતિમાં ખલેલ પહોંચાડવા માટે લોકો તેને લડાઈ, દ્વેષ અને દુશ્મનાવટમાં ખેંચી જવા ચાહે છે. એજ રીતે શેતાન પણ અનેક પ્રયત્નો કરે છે જે દ્વારા દેવની પ્રજામાં ઝગડો અને દ્વેષ ઉત્પન્ન થાય અને કોઈ રીતે તેઓના આનંદ, શાંતિ અને વિશ્વાસ હરી લે. શું તમારી, પરિસ્થિતિ આવી છે? તો દેવ જે દિશા તરફ દોરે તે તરફ જાઓ અને દ્વેષ, ઈર્ષા, લડાઈમાં ભાગીદાર થવાનો ઈન્કાર કરો. તો છેવટે દેવ તમને એરશોબામાં લાવશે. તમારી પાસે અગાઉ જે હતું. તે કરતાં અધિક તે આપશે. યોહાન ૧૬ : ૨૦, ૨૨ માં દેવે કહ્યું "તમારી દિલગીરી આનંદરૂપ થઈ જશે....તમારો આનંદ તમારી પાસેથી કોઈ લઈ લેનાર નથી." પલિસ્તીઓ તમારો આનંદ અને શાંતિ હરી લેવાનો પ્રયત્ન કરે, તમને ઉશ્કેરે, તમને ચીડવે, તમને ગુસ્સે કરે અને ઝગડામાં ખેંચી જવાનો પ્રયત્ન કરે, તો ચેતવણી લો, અને ઈસ્હાકના જેવા બનો. તમારા પતિ કે પત્ની, ભાઈ કે બહેન, મિત્ર, પાડોશી કે પ્રચારક કોઈની ય સાથે ઝગડામાં કે દ્વેષ કે ઈર્ષામાં ખેંચાઈ જવાનો નકાર કરો એરશેબા આવો ત્યાં લગી ઝઘડા, ધિક્કાર અને શત્રુતાથી નાસી જાઓ અને અવશ્ય દેવ તમને અગાઉ હતું તે કરતાં અધિક આપશે. ઈસ્હાકનો સંદેશો આ છે.

યાકુબનો જન્મ થાય તે અગાઉ દેવે તેને રાજકુમાર બનાવવાનો સંકલ્પ રાખ્યો હતો. પણ તેની પોતાની મા દ્વારા તે છેતરાઈ ગયો. તે તેના ઉપર ખુબ જ પ્રેમ કરતી હતી. યાકુબે તેની માની આજ્ઞા પાળી અને દેવના વચનને ખોટી રીતે મેળવવાનો પ્રયત્ન કર્યો. ઘણાં વર્ષોના મંથન પછી તે દેવ અને માણસો સમક્ષ રાજકુમાર બન્યો.

ભારતમાં અનેક ખ્રિસ્તીઓ છે જેઓ ભિખારી છે. અમેરિકા અને યુરોપમાં પણ અનેક ભિખારીઓ છે. ભીખ માગતા પાળકો અને ભીખ માગતા પ્રચારકો છે. નવા દેવળ માટે, સુવાર્તાના કામ માટે, અથવા ઝુંબેશ માટે પૈસા માગે છે. અને પૈસાની ભીખ માગવામાં પોતે બિલકુલ ઠીક છે. એમ માને છે. તેઓ જોરદાર વિનંતીઓ કરે છે. "ઉદારતાથી આપો, ઉદારતાથી આપો." તેઓ પોકારે છે, "આફ્રીકામાં, ભારતમાં યા ઓસ્ટ્રેલીયામાં સુવાર્તાના કામ માટે પૈસા જોઈએ છે. લોકો ભૂખે મરી રહ્યા છે. ચીન દેશમાં (યા બીજા કોઈ દેશમાં) કોણ જશે?" ત્યારે કોઈક આગળ આવે છે અને કહે છે, 'હું ભારત જવા ચાહું છું. ભારત જવા સારૂ મારૂં હૃદય પ્રેરણા પામે છે. (ચીન કે અન્ય કોઈ પણ દેશ પણ હોઈ શકે છે.) ત્યાર પછી બીજું પગલું એ છે કે એક નિવેદન કરવું. "હું ભારત જવા ચાહું છું. શું મને મદદ કરશો? અને પછી ઉમેદવાર જગાજગામાં જાય છે. અને ભીખ માગે છે. "કોણ મને પાંચ ડોલર અથવા એક ડોલર પણ આપવાનું વચન આપે છે.?" શું આવા લોક સચ્ચાઈથી કહી શકે કે દેવે તેઓને મોકલ્યા છે? ઓ ભિખારીઓ, ભિખારીઓ! દેવ તમને રાજકુમાર બનાવવા ચાહે છે. જગિક રાજકુમાર નહિ પણ દેવના રાજકુમાર. દેવ તમને સર્વ શ્રેષ્ઠ આપવા ચાહે છે. હરેક વસ્તુ માટે દેવ પાસે જતાં શીખો, માણસો પાસે નહિ. એથી ઉલટું યાકુબની જેમ લોકો તરકીબો યોજે છે, યોજના બનાવે છે. તેઓને પ્રથમ જનિતનો હક જોઈએ છે પણ તેને માટે એસાવ પાસે ભીખ માગવાની જરૂર નથી. કોઈ પણ વ્યક્તિ માગે યા કલ્પે તે કરતાં દેવ અત્યંત અધિક આપી શકે છે. દુઃખની વાત એ છે કે આપણામાંના ઘણા 'યાકુબ' ખ્રિસ્તીઓ, પેટભરા અને લોભી ખ્રિસ્તીઓ છીએ. પણ દેવ કહે છે, 'હે ઈસ્રાએલ, તું રાજકુમાર છે, યાજક છે, મારો મિત્ર, મારો સહકર્મી છે. મારી પાસે આવ. હું તને ઉત્તર આપીશ." યાકુબના

જીવન દ્વારા દેવ શિખવવા ચાહે છે. કેવી રીતે આપણે રાજકુમાર અને દેવના ભાગીદાર બની શકીએ.

ત્યારબાદ મિસર આવે છે. ઇસ્રાએલપુત્રો ૪૦૦ વર્ષ સુધી ત્યાં રહ્યા. તેઓની સંખ્યા વધતી ગઈ અને ફારૂન તેમની વિરૂદ્ધ થતો ગયો. ત્યાર પછી તેઓએ દેવને પોકાર કર્યો કે તે તેમને છોડાવે. દેવે તેઓને આટલાં વર્ષો સુધી ગુલામીમાં રાખ્યા પણ છેવટે તેમની વિનંતી અનુસાર એક તારનાર એટલે મુસા મોકલ્યો. શત્રુ કેવો ક્રુર નિર્દય અને દુષ્ટ છે તે શિખવવા સારૂ દેવે આ પ્રજાને આટલાં વર્ષો સુધી ગુલામીમાં રહેવા દીધી. પ્રથમ જ્યારે તેઓ મિસરમાં આવ્યા ત્યારે તો તેઓ ખુશ હતા. તેઓની પાસે સઘળું ભરપૂર હતું પરંતુ વતનથી તેઓ દૂર હતા, તેઓ શત્રુની ભૂમિમાં હતા.

આજે એવા અનેક લોકો છે જે એમ કહે છે કે મૃત્યુ અથવા નરક છે જ નહિ; તેઓ તો આધુનિક પ્રચારકો છે. જેઓ શેતાનની સેવા કરી રહ્યા છે. તેની સેવા કરવામાં અને દેવના લોકોની મશ્કરી કરવામાં તથા તેમને જુની ફેશનના કહેવામાં તેઓ આનંદ માને છે. તેઓ કહે છે કે દેવે આ જગતને તેમના સુખભોગ માટે બનાવ્યું છે. અને તેમની મૂર્ખતામાં જગતનું અનુસરણ કરે છે, શેતાનની સેવા કરે છે અને દેહની વાસનાઓ સાથે ગડમથલ કરે છે. વળી કેટલાક સાંસારીક ખ્રિસ્તીઓ છે. જેઓ પાપ અને અંધકારમાં જીવન વિતાવે છે. તેઓ કહે છે કે તેઓ નવો જન્મ પામ્યા છે. પણ અનેક દુન્યવી રીતીઓથી તેઓ બંધાએલા છે. શેતાન કેવો દુષ્ટ છે તે તેઓ જાણતા નથી. અને તેના બંધનમાં તેઓ ફસાએલા છે. ઇસ્રાએલપુત્રો ૪૦૦ વર્ષ સુધી બંધનમાં હતા. પછી તેમણે ફારૂનના હૃદયની કઠણતાને જાણી તેઓને વહેલી સવારથી રાત સુધી કામ કરવું પડતું હતું; ભારે પત્થર ઉંચકવા, ભારે બોજ વેઠવા, યોગ્ય વેતન પણ મળતું નહિ.

છેવટે ભારે દુ:ખમાં તેઓએ પ્રાર્થના કરી. "ઓ પ્રભુ, અમને છોડાવ. અમારાં કષ્ટ તથા આંસુઓ સામે જો." અને દેવે તેઓનો પોકાર સાંભળ્યો અને એક તારનાર મોકલ્યો. પરંતુ તેઓનો છુટકારો થાય તે અગાઉ તેણે મિસર દેશ ઉપર દસ મરકીઓ મોકલી. શા માટે? જેથી લોકો દુશ્મનની છેતરપીંડી સમજી શકે. દરેક દેવના સેવકે જાણવું જરૂરી છે કે શત્રુ કેટલો દુષ્ટ અને ચાલાક છે. તે દેવના બાળકોને અંધકારમાં ખેંચી જવા ચાહે છે. શેતાન અને અંધકારની શકિત જ્યારે તે ભૂલી જાય છે. ત્યારે દેવનો સેવક અવશ્ય બંધનમાં આવી પડે છે.

ઈસ્રાએલપુત્રો જ્યારે અરણ્યમાં આવ્યા ત્યારે ત્યાં ચાળીસ વર્ષ સુધી તેમને રખડવું પડયું ના તો કોઈ કામ હતું, ના કોઇ ખેતર હતાં કે ના તો કોઈ માલિકીનાં મકાનો હતાં. તેઓના ખોરાક વિષે દેવે કહ્યું, "હું દરરોજ માન્ના મોકલી આપીશ." પરંતુ તેઓને એક કામ કરવાનું હતું. મુલાકાતમંડપ ઉપરનો દેવનો મેઘસ્તંભ આગળ ના જાય ત્યાં સુધી જે સ્થળે તેઓએ તંબુ માર્યો હોય ત્યાં જ તેઓને રહેવાનું હતું. ગણના ૯ : ૧૮–૨૨ કોઈ કોઈ વાર વાદળ એક કે બે દિવસ જ થોભતું, કોઈ કોઈ વાર અનેક મહિનાઓ સુધી થોભતું. કોઈવાર તે સવારે ઉઠતું, કોઈવાર દિવસ દરમિયાન તો કોઇવાર મધરાતે. વાદળ ઉઠે કે તરત જ તેઓને ચાલી નીકળવાનું હતું. પછી તે દિવસ કે રાતના ગમે તે સમયે ઉઠે અને ગમે તે દિશામાં જાય. તેઓ અરણ્યમાં હતા તે દરમિયાન તેઓની ઇચ્છાનુસાર જયાં અને જ્યારે ચાહે ત્યાં અને ત્યારે તેઓ જઈ શકતા નહોતા. તેઓ દેવના લોકો હતા અને દરેક વાતે તેઓને દેવ દ્વારા દોરવણી પામવાની હતી તથા તેના સંપૂર્ણ અધિકાર નીચે રહેવાનું હતું. આ એક સામાન્ય પાઠ હતો પણ તેઓને શીખવા માટે બહુ કઠણ હતો. દેવ ચાહે છે કે તમે અને હું આ પાઠ શીખીએ. રૂમી ૮ : ૧૪ પ્રમાણે તેના આત્માની

દોરવણી નીચે રહેતાં શીખીએ. દેવના લોકોને પવિત્ર આત્માનું દાન અપાએલું છે. તે આપણો તારનાર છે અને દોરનાર પણ છે. જ્યારે આપણે પોતાની ઇચ્છા પ્રત્યે મરણ પામીએ છીએ ત્યારે જ આ શક્ય બને છે અને આ પાઠ શીખતાં અનેક વર્ષો લાગે છે.

કેટલાય એવા લોકો છે જેઓ પતિ યા પત્ની, બાળકો પાડોશીઓ, મિત્રો, કોઈ સ્ત્રી, પુરૂષ દ્વારા દોરવાય છે, પણ દેવ દ્વારા નહિ કેટલા બધા પુરૂષો સભામાં દેવનો સ્વર સાંભળે છે. પણ ઘેર જઈને પત્નીની સલાહ લે છે, જે કહે છે, "મૂર્ખ ના બનશો તમારે પત્ની અને ત્રણ બાળકોની ચિંતા કરવાની છે. આ માર્ગ તમારે માટે નથી. બીજા કેટલાક એવા લોકોની દોરવણી નીચે છે જેઓ તેમને પાપમાં દોરી જાય છે. તેઓ શરમજનક જીવન વિતાવે છે અને શરીરની વાસના, લોભ તથા વ્યર્થતા દ્વારા ચલાવાય છે. તેઓ પૂછે છે, 'અમારા મિત્રો અને પાડોશીઓ શું કહેશે ?' એમાં જરાયે આશ્ચર્ય નથી કે આવા લોકો ચાળીસ વર્ષો સુધી અરણ્યમાં રખડે છે, આ પાઠ શીખવા સારૂ કે કેવી રીતે સંપૂર્ણપણે દેવની દોરવણી નીચે રહેવું.

અરણ્યમાંથી દેવના લોકો કનાન દેશમાં આવ્યા તે તો વચનનો દેશ હતો, દૂધમધની રેલછેલવાળો દેશ હતો. જે પોતાની પ્રજા માટે દેવના પ્રબંધનું પ્રતિક છે. યોહાન ૬ : ૫૫ માં આપણને કહેવામાં આવ્યું છે કે દેવે તેમને એવો દેશ આપ્યો હતો કે જે હરેક રીતે અનોખો હતો. હરેક રીતે તે ફળદ્રુપ અને ભરપૂરીનો દેશ હતો. તેઓની પાસે સઘળું ભરપૂરપણે હતું અને તે દ્વારા દેવ તેઓને કહેતો હતો, "હે મારા લોક, મારા લોક, મેં તમારે માટે ભરપૂર પ્રબંધ કર્યો છે. દેવ તમારી ભરપૂરી છે. પણ શરત એ છે કે તેને કેવી રીતે ખાવો અને માણવો તે તમારે જાણવું પડશે, અને દેશનો ઉપભોગ કરતાં શીખવું પડશે.

દેવે તેઓને આજ્ઞા આપી હતી કે દેશના રહેવાસીઓ સાથે કોઇ જાતની સમજૂતી કે કરાર કરવા નહિ, ના તો તેઓની સાથે લગ્નવ્યવહાર બાંધવો. પણ અનાજ્ઞાંકિતતાને કારણે તેઓ દેવને નિષ્ફળ ગયા. ગીબઓનના માણસો યહોશુઆ પાસે આવ્યા ત્યારે તેઓએ જુનાં જોડાં અને જુના ફાટેલાં કપડાં પહેર્યાં હતાં અને ફુગવાળી રોટલી લાવ્યા હતા. તેઓએ કહ્યું, "અમે દૂર દેશથી આવ્યા છીએ. અમે તમારા વિષે સાંભળ્યું છે, મહેરબાની કરીને અમારી સાથે કરાર કરો." દેવની સલાહ લીધા વગર યહોશુઆએ કરાર કર્યો, પરિણામે આજ લોકો તેમને માટે ફાંદારૂપ બની ગયા. ક્રમે ક્રમે તેઓની સાથે લગ્નસંબંધો, મૂર્તિપૂજા અને અન્ય વાતો જેની મનાઈ કરવામાં આવી હતી તેઓ લોકોમાં પ્રવેશ્યાં અને આત્મિક રીતે તેઓ અંધ બની ગયા.

દેવના બાળકને સ્વર્ગીય કનાનનો ઉપભોગ કરવો હોય તો જગત, જગિક વ્યવહાર તથા જગિક આનંદથી સંપૂર્ણપણે અલગ થવું પડશે. દેવના લોકોમાં શા માટે સર્વત્ર વેરાનતા જોવા મળે છે? તેઓને ઉત્તમ શિક્ષણ મળે છે છતાં તેઓ અંધ અને નિષ્ફળ રહે છે. એક કારણ એ છે કે ઘણા, જગતના લોકો સાથે કરાર કરે છે. કોઈ તો વસ્ત્ર અને વેશભૂષાની ફેશનોમાં બીજા કેટલાક લગ્નસંબંધોમાં અને બીજા કેટલાક ધંધાની બાબતોમાં. આવા લોકો પ્રભુ ઇસુ ખ્રિસ્તમાં જે પ્રબંધ છે તેને કેવી રીતે માણી શકે? તે આપણું સ્વર્ગીય અન્ન અને પાન છે અને ભરપૂર તૃપ્તિ આપે છે. પણ તમારે તેને વિશ્વાસુ રહેવું પડશે. કદાચ એનો અર્થ એ પણ હોય કે સાચો આત્મિક સાથી ના મળવાને કારણે ઘણા વર્ષો સુધી કેટલાકને અપરિણીત રહેવું પડશે. પરંતુ સુખભોગનું જીવન હોવા છતાં આત્મિક રીતે વેરાન રહેવું તેના કરતાં અપરિણીત રહેવું વધારે સારૂં છે.

તમારે હરેક બાબતમાં, ચાહે કુટુંબજીવન હોય કે આત્મિક જીવન

હોય કે માંડળિક જીવન હોય, દેવના વચનને આધીન થવું પડે છે. ત્યારે જ તમે ભરપૂર જીવન અને સંપૂર્ણ શાંતિ અનુભવી શકશો. "તેઓને જીવન મળે અને તે પુષ્કળ મળે. માટે હું આવ્યો છું." યોહાન ૧૦ : ૧૦. કેવળ ત્યારે જ તે અવાચ્ય અને મહિમાથી ભરપૂર આનંદ આપી શકે અને સર્વ અધિકાર તથા પૂરૂં રાજ્ય પણ આપી શકે. ખ્રિસ્ત મારૂં કનાન છે. તે મારી તૃપ્તિ છે અને તે મને સર્વ વાતો ભરપૂરીથી આપે છે. ઘણા ખ્રિસ્તીઓ એવી નદીઓ જેવા છે જે વર્ષમાં દસ મહિના સૂકાએલી રહે છે. હા, વિશાળ નદીઓ, પણ દસથી અગિયાર મહિના તેઓમાં પાણી હોતું નથી. વર્ષાકાળમાં કેવળ એક જ મહિનો પાણી રહે છે – છીછરૂં પૂર જેમાં જીવન હોતું નથી. ખ્રિસ્ત હંમેશા અને ગમે ત્યાં તેના સનાતન શાંતિ, આનંદ અને સામર્થ્ય આપવા તૈયાર છે. તે કનાન છે.

ત્યાર પછી મંદિર આવે છે. દેવે દાઉદને પસંદ કર્યો અને અનેક વર્ષોના દુઃખ સહન પછી તેને સ્વર્ગીય યોજના આપવામાં આવી. ૧ કાળ. ૨૮ : ૧૯. દેવે દાઉદને મંદિરનું સ્થાન પણ બતાવ્યું. દાઉદે સુલેમાનને આખી યોજના તથા સર્વ સામગ્રી આપ્યા અને સુલેમાને મંદિર બાંધ્યું. સુલેમાન શાંતિપ્રિય પુરુષ હતો, અને મંદિરનું બાંધકામ શાંતિના સમયમાં થયું એટલું જ નહિ પરંતુ બાંધકામ અને મજુરી પણ શાંત અને નિશબ્દ વાતાવરણમાં થયાં. દેવની યોજનામાં અપાયેલી નાનામાં નાની વિગત પૂરી થઈ ત્યાં સુધી કુહાડી કે હથોડીનો સહેજ પણ અવાજ સંભળાયો નહિ. ૧ રાજા ૬ : ૭ ત્યારપછી રાજા અને તેની પ્રજા બલિદાનો અર્પણો લાવ્યાં અને આકાશમાંથી અગ્નિ ઉતરી આવ્યો અને આખું મંદિર દેવના ગૌરવથી ભરાઈ ગયું. એ કેવું અદ્ભૂત દશ્ય હશે. દેવના પરાક્રમને જોઈને આખા દેશે મહાનંદ કર્યો. સામર્થ્યવાન દેવ, જીવંત

દેવ તેઓની મધ્યે રહેવા આવ્યો. આવો દેવ તેઓની મધ્યે હોવાને કારણે તમામ દેશે આનંદ મનાવ્યો. ગીતકર્તાના શબ્દોમાં આજ "તેની પ્રજાનો આનંદ" છે જેમાં તે વિશ્વાસથી ભાગીદાર થવા ચાહતો હતો અને જેમાં આપણે પણ વિશ્વાસથી તથા અનુભવથી ભાગીદાર થયાં છીએ.

દેવે તમને અને મને પસંદ કર્યા છે કે જેથી આપણને તે આત્મિક લોકો બનાવે. ઈસ્રાએલી પ્રજાએ દેવનું ગૌરવ જોયું પણ ઘમંડને કારણે તેઓ અંધ બન્યા અને અંધકારમાં રહ્યા. તેઓ જે જોઈ ના શકયા તે આપણને મંડળી દ્વારા પ્રગટ કરવામાં આવે છે કેમકે તે જ તેનું સાચું મંદિર છે. સૂલેમાને બાંધેલા મંદિરનો નાશ કરવામાં આવ્યો. એ અદ્દ્ભૂત મંદિર હતું પણ તેનો નાશ થયો. તે સનાતન નહોતું. પરંતુ હાલ દેવ તમારા અને મારા દ્વારા એક મંદિર બાંધી રહ્યો છે. જે સનાતન છે, જે કદી જ હલાવવામાં આવશે નહિ તે તો પત્થર યા સોના, રૂપા, પિત્તળ કે લાકડાનું બનાવેલું નથી. તે તો જીવંત પત્થરો દ્વારા, પ્રભુ ઈસુ ખ્રિસ્ત જે ખુદ પાયો છે તેના ઉપર બનાવ્યું છે. તે આપણો સ્વર્ગીય સૂલેમાન છે. તે જ બાંધકામ કરે છે અને તે જ પાયો પણ છે. સનાતન કાળને માટે તેનું ગૌરવ પ્રગટ થાય એના મંદિરમાં તે મને તથા તમને બાંધી રહ્યો છે. અને આજ આપણો આનંદ તથા તેનો વારસો છે. દેવનો વારસો તેની પ્રજા છે. પુન. ૩૨ : ૯, ગીત. ૭૮ : ૭૧.

મારા કોલેજના દિવસો દરમિયાન પ્રીન્સ ઓફ વેલ્સ ભારત આવ્યા હતા. તે દિવસોમાં કોંગ્રેસ પક્ષે અસહકાર હતો. તે પ્રસંગે લાહોરમાં જે જે સમારંભ ગોઠવવામાં આવ્યા હતા. તેમાં ભાગ લેવાનો અમે ઈન્કાર

કર્યો. પરંતુ અમારામાંથી એક વિદ્યાર્થી સમારંભમાં ગયો. તે પાછો આવ્યો ત્યારે અમે તેની સાથે હસ્તધૂનન કરવા ગયા પણ તેણે હસ્તધૂનન કરવાની ના પાડી. અમે તેનું કારણ પૂછ્યું તો તેણે કહ્યું, "મેં પ્રિન્સ ઑફ વેલ્સની સાથે હસ્તધૂનન કર્યું છે. મહિમાના રાજાની સાથે સનાતનકાળ સુધી રહેવું અને તેનાં મહિમા તથા ભરપૂરીથી ભરપૂર હોવું એ કેવી અદ્ભૂત બાબત હશે. એ આશા સ્વર્ગીય આનંદ આપે છે અને આ જ હેતુસર દેવે આપણને પસંદ કર્યા છે; કોઈ સાંસારિક જુથ યા સોસાયટીમાં સભ્ય બનવા સારૂ નહિ, પણ સ્વર્ગીય મંદિરના સભ્ય થવા સારૂ અને અનંતકાળને માટે સ્વર્ગીય આનંદ આપવા સારૂ દેવે આપણને પસંદ કર્યા છે. આ મારો આનંદ, મારી ખુશી તથા મારી આશા છે, કે હું સ્વર્ગીય મંદિરનો સભ્ય બની શકું છું, દેવના લોકોના આનંદમાં આનંદ માણી શકું છું અને દેવના વારસામાં વડાઈ કરી શકું છું.

દેવે પોતાની પ્રજાને કેવી રીતે પગલે પગલે દોરી તે જુઓ. ઈબ્રાહીમ, ઈસ્હાક અને યાકુબને તેણે વ્યક્તિ તરીકે દોર્યા, ત્યારપછી પોતાના લોકોને તે મિસરમાં દોરી ગયો, ત્યારપછી અરણ્યમાં, કનાનમાં, મંદિરના બાંધકામમાં; અને છેવટે સ્વર્ગીય વૈભવ અને પરાક્રમ સહિત દેવનું ગૌરવ લોકોની મધ્યે ઉતરી આવ્યું.

આનંદ કરો કેમકે તમારો તારનાર તમારા પર પ્રેમ રાખે છે. જગિક રાજ્યો કરતાં વિશેષ મહાન એવું તેનું સ્વર્ગીય રાજ્ય બનવા સારૂ તે તમને માગી રહ્યો છે. હાલ તે તમને દોરે એવું થવા દો. ત્યારપછી પ્રભુ કેવો આનંદ આપી શકે છે તે તમે જાતે અનુભવી શકશો. સ્વર્ગીય ગીતો ગાશો ત્યારે અવાચ્ય આનંદથી તમે ભરપૂર થશો. હુ પોતે એક લીટી પણ ગાઈ શકતો નથી. છતાં સંગીત અને આત્મિક

ગીતોને હું માણી શકું છું. મારા બદલાણ પછી પ્રથમ વાર જ્યારે મેં આત્મિક ગીતો સાંભળ્યા ત્યારે મને એમ લાગ્યું કે જાણે હું સ્વર્ગમાં હોઉં. એ સંગીત એવું મધુર અને સ્વર્ગીય હતું. પણ સ્વર્ગમાં જે સંગીત છે તે કેટલું ય વિશેષ ગૌરવી હશે.

દેવની પાસે આવો! તમે ગમે તે કેમ ના હો, તમારૂં જીવન ગમે તેવું શરમજનક કેમ ના હોય, તેને તમને પસંદ કરવા દો. તમારા પાપ ગમેતેવાં ભયંકર હોય, પોતાને નમ્ર કરો અને પાપ કબુલ કરો જેથી દેવના હાથમાં તમે તેનું પસંદ કરેલું પાત્ર બની જાઓ. ખરા હૃદયથી આ પ્રમાણે પ્રાર્થના કરો, "પ્રભુ, હું એવો ભ્રષ્ટ અને મલિન છું કે તમારી પાસે આવવાને અયોગ્ય છું. પણ તમારો અવાજ અને તમારૂં પ્રેમી આમંત્રણ હું સાંભળું છું. પ્રભુ, તમારા અવાજને હું માનું છું. મારો, હા મારો પણ સ્વીકાર કરો. તમારા લોહીથી મને ધુઓ અને મને તમારૂં પસંદ કરેલું પાત્ર બનાવો જેથી તમારા મહિમાર્થે હું તમારી ભરપૂરીથી ભરપૂર થાઉં. આમેન!"

## પ્રકરણ : ૬

# અનંતકાળને સારૂં પસંદ કરાએલા

ગીત, ૧૦૬ : ૪, ૫ના છેલ્લા હિસ્સામાં આપણે આવી પહોંચ્યાં છીએ. "હે યહોવાહ, જે મહેરબાની તું તારા લોક પર રાખે છે, તે મહેરબાનીથી તું મને સંભાર; તારૂં તારણ આપીને મારી મુલાકાત લે; જેથી હું તારા પસંદ કરેલાઓનું કલ્યાણ જોઉં, તારી પ્રજાના આનંદમાં હું આનંદ માણું, ને તારા વારસાની સાથે હું હર્ષનાદ કરૂં." આ શબ્દો બહુ ઘેરી રીતે આપણા હૃદય પર અંકાઈ જાય એ પ્રાર્થના સાથે આ અભ્યાસ બંધ કરવા ચાહીએ છીએ. આ વચનોનો અનુભવ આપણ દરેકનો અનુભવ બનો અને માનવી નિર્બળતામાં જે કહેવામાં આવ્યું છે તે પવિત્ર આત્મા દ્વારા વિશેષ સ્પષ્ટ બનો.

ગીતકર્તાની જે ઉંડી ઝંખના છે તે પર ધ્યાન આપો અને આ છેલ્લા હિસ્સાને તમારો પોતાનો બનાવો. "તારા વારસાની સાથે હું હર્ષનાદ કરૂં." કોઈ ધનવાન કુટુંબમાં જન્મેલા બાળકની પેઠે, જ્યારે આપણે પ્રભુ ઇસુ ખ્રિસ્તને આપણા અંગત તારનાર તરીકે સ્વીકારીએ છીએ ત્યારે આપણે મહાન, સનાતન વારસાના ભાગીદાર બનીએ છીએ. બાળક કોઈપણ પ્રકારની લાયકાત વગર હોય તો પણ પિતાની સંપત્તિ ઉપર તેનો સંપૂર્ણ અધિકાર છે.

મારા એક કુટુંબી બહુ ધનવાન વ્યકિત હતા. મૃત્યુ બાદ તેઓ જમીનજાગીર અને નગદ નાણાંનો મહાન વારસો છોડી ગયા. અનેક સ્થળે તેઓને પુષ્કળ જમીન અને મકાનો હતા. વારસાના ભાગીદાર તેમના બે પુત્રો હતા. મોટો પુત્ર ખુબ હોશિયાર હતો, નાનો પુત્ર મૂર્ખ

હતો. પિતાના મૃત્યુ બાદ કૌટુંબિક મિલ્કત વહેંચવા સારૂ બન્ને ભાઈઓ એકઠા થયા. મોટાભાઈએ નાનાભાઈને કહ્યું, "મકાનોનાં ભાડાંની રસીદો ઉઘરાવવી તથા જમીનની યોગ્ય વ્યવસ્થા કરવી એ તને નકામી ઝંઝટ થશે. તારી પાસે એટલી શકિત નથી તથા કેળવણી પણ નથી. હું તને તારા ભાગના રોકડા નાણાં આપી દઈશ તારા વતી સર્વ કામકાજ કરવાનો અધિકાર તું મને લખી આપ." નાનાભાઈએ પૂછ્યું, "તમે મને કેટલા આપો છો?" "હું તને રૂા. ૫,૦૦૦/– આપીશ. તારે મને લખી આપવું પડશે કે વારસાનો તારો ભાગ તને મળી ગયો છે." પણ નાનાભાઈએ કહ્યું, "જો કે હું મૂર્ખ છું, તો પણ હું જાણું છું કે મિલ્કતનો અડધો ભાગ મારો છે તમે અડધો ભાગ લો અને બાકીનો મને આપો. જો કે હું પોતે હિસાબકિતાબ કરી શકતો નથી તો પણ એક હિસાબકિતાબના નિષ્ણાતને હું રોકીશ જે મને હિસાબમાં મદદ કરશે. મહેરબાની કરીને ચોપડા લાવો અને એકાઉન્ટન્ટ આપણને કહેશે કે આપણો હિસ્સો કેટલો કેટલો છે." મોટાભાઈએ કહ્યું, "આ તો ઘરની ખાનગી વાત છે. આપણી ખાનગી વાત પરાયાને શા માટે જણાવવી? આપણે શાંતિથી સમાધાન કરી લઈએ. રૂા. ૫,૦૦૦/–થી તને સંતોષ ના થતો હોય તો હું તને રૂા. ૧૦,૦૦૦/– આપીશ એમાં એકાઉન્ટન્ટને પૂછવાની કશી જરૂર નથી. રૂા. ૧૦,૦૦૦/– તને જીંદગીભર ચાલશે. એકાઉન્ટન્ટ રોકવાની મગજમારી શા માટે કરે છે!" પણ નાનાભાઈનો આગ્રહ ચાલુ જ રહ્યો. "હું મૂર્ખ તો છું પણ મારે મારો અડધો હિસ્સો જોઈએ જ. એકહજાર હોય, ત્રણહજાર હોય કે વધારે હોય, મને મારા હકનાં નાણાં મળે તો જ મને સંતોષ થશે. તમે ચોપડા લાવો, હું એકાઉન્ટન્ટને લાવું." ફરીથી મોટાભાઈએ કહ્યું, "કોઈ પરાયો શા માટે આપણી ખાનગી બાબત જાણે? હું તને રૂા. ૧૫,૦૦૦/– આપીશ." "ના, ના, મારે તો માત્ર મારો હિસ્સો જ

જોઈએ છે. પછી ભલેને તે મારા હજાર હોય કે પાંચહજાર હોય. મહેરબાની કરીને ચોપડા લાવો." "તારે બહાર જવું નથી. હું તને રૂ. ૨૫,૦૦૦/– આપીશ. પા લાખ રૂપિયા એ તારો હક છે." આ આ પ્રમાણે ચાલ્યા જ કર્યું. અંતે નાનાભાઈને એક લાખ રૂપિયા કરતાં પણ વધારે પૈસા મળ્યા. શા માટે? એને આંતરિક ખાત્રી હતી કે તેના પિતાએ તેને વારસાનો અડધો ભાગ આપ્યો હતો. જો કે તે મૂર્ખ, સરળ અને બુદ્ધિહીન હતો તો પણ તેને તેનો પૂરો ભાગ જોઇતો હતો.

જગિક હિસ્સાનો દાવો કરવા શારૂ જગિક જ્ઞાન અથવા કેળવણીની આવશ્યકતા નથી. પરંતુ આપણા આત્મિક વારસાની કિંમત સમજતાં વિશ્વાસીઓ તરીકે આપણને ઘણાં વર્ષો લાગે છે. આપણે હાલ જ તે શીખીએ. દેવનું વચન એવું સ્પષ્ટ અને સરળ છે કે જ્યારે આપણે પ્રભુ ઈસુ ખ્રિસ્તને આપણા અંગત તારનાર તરીકે સ્વીકારીએ છીએ ત્યારે આપણને દેવના દીકરા બનવાનો હક અને અધિકાર આપવામાં આવે છે. વિશ્વાસથી દેવના સનાતન પ્રેમનો સ્વીકાર કરવા દ્વારા આપણે સનાતનકાળને માટે દેવના દીકરા બન્યા છીએ. પ્રભુ ઈસુ ખ્રિસ્તના વારસામાં આપણો પણ હિસ્સો છે. આ સત્ય જાણવા માટે ગ્રીક કે હેબ્રી ભાષા જાણવાની જરૂર નથી, પણ પવિત્ર આત્માની આંતરિક ખાત્રીની જરૂર છે. વારસાના ઉપયોગનો આધાર તમારા વિશ્વાસ ઉપર છે. રૂમી. ૮ઃ ૧૭ "હવે જો છોકરાં છીએ, તો વારસ પણ છીએ; એટલે દેવના વારસ છીએ અને ખ્રિસ્તની સંઘાતે વારસાના ભાગીદાર છીએ." આ બાબતો સાથે સાથે જાય છે. હું દેવનું બાળક છું એમ તમે કહી શકો તો આપોઆપ તમે એ પણ કહી શકો છો કે હું દેવનો વારસ છું અને પ્રભુ ઈસુ ખ્રિસ્તની સાથે સહવારસ છું.'

આ વારસાનો પૂરો અર્થ આપણે હાલ સમજી શકતા નથી. પણ એક દિવસ આવે છે જ્યારે આપણે તેને સમજીશું એક નાનો છોકરો જાણે છે કે તેના પિતા પાસે મિલ્કત અને જાગીર છે. પણ જો તમે તેને પૂછો કે તેના પિતા પાસે કેટલી મિલ્કત અથવા જમીન-જાગીર છે તો તે કહેશે કે 'હું જાણતો નથી.' એ બધું જાણવા માટે તો હાલ તે ઘણો નાનો છે. પણ જ્યારે એ પુખ્તવયનો થશે ત્યારે તે પૂરી રીતે સમજી શકશે કે પિતાની મિલ્કત કેટલી છે. એ જ રીતે, આપણે હાલ તો સમજી શકતા નથી કે આપણો વારસો કેટલો મહાન છે તો પણ, જ્યારે આપણે આપણા પ્રભુને મોઢામોઢ જોઈશું અને કૃપાનું કાર્ય જ્યારે આપણામાં સંપૂર્ણ થશે ત્યારે આપણે બધું જાણીશું.

તમારે માનવું પડશે કે એક મહાન અને અનંત વારસાને માટે તમે તેડાયા છો અને પસંદ કરાયા છો. પ્રભુ ઈસુ ખ્રિસ્તને આપણા તારનાર અને પ્રભુ તરીકે સ્વીકારવા દ્વારા આપણે સંપૂર્ણ આત્મિક ભાગીદારીમાં પ્રવેશ કરીએ છીએ. સૌ પ્રથમ આપણે દિવ્ય સ્વભાવના ભાગીદાર થઈએ છીએ. ૨ પીતર ૧ : ૪, બીજું, આપણે પવિત્ર આત્માના ભાગીદાર થયાં છીએ. હેબ્રી. ૬ : ૪. ત્રીજું, આપણે સ્વર્ગીય તેડાના ભાગીદાર છીએ. હેબ્રી. ૩ : ૧, ચોથું, દેવની પવિત્રતાના ભાગીદાર છીએ. હેબ્રી. ૧૨ : ૧૨. પાંચમું, આપણે પ્રગટ થનાર મહિમાના ભાગીદાર છીએ. ૧ પીતર ૫ : ૧. છઠ્ઠું, પ્રકાશમાંના સંતોના વારસાના આપણે ભાગીદાર છીએ. કલોસી. ૧ : ૧૨, સાતમું, આપણા ખુદ પ્રભુના આપણે ભાગીદાર છીએ. હેબ્રી, ૩ : ૧૪ દેવના સ્વર્ગીય વારસાના ભાગીદાર થવું એ કેવું અજાયબ છે. આપણા પ્રેમાળ પરમેશ્વરે આપણને પસંદ કર્યા છે કે તે આપણા ઉપભોગને સારૂ આપણને આત્મિક, અવિનાશી અને મહિમીત વારસામાં લાવે. તમારે માનવું

પડશે કે તે વારસામાં તમારો પણ ભાગ છે. કેટલા બધા વિશ્વાસીઓ એવા છે. જેઓ તારણ એટલે સ્વર્ગે જવું, એટલું જ સમજે છે. તેઓ ધારે છે કે દેવ દયાળુ છે અને તે પાપ માફ કરે છે. જેથી તેઓ સ્વર્ગે જઈ શકે છે. સ્વર્ગમાં નાનકડો ખૂણો મળે તોય વાંધો નહિ, સ્વર્ગે પહોંચ્યા એટલે બસ. હાવરા એકસપ્રેસમાં મુસાફરી કરવા જેવો આ અનુભવ છે. એ ગાડી સાધારણ રીતે ખુબ ચિક્કાર હોય છે, એટલે સુધી કે ઉભા રહેવાની જગ્યા મળવી પણ મુશ્કેલ હોય છે. તમે પ્લેટફાર્મ પર આવો છો ત્યાં તો ગાડીની સીટી વાગે છે. તમારે એ જ ગાડી પકડવાની છે. તેથી ગમેતેમ કરીને તેમાં ચઢવું જ પડશે. તેથી મજુરની મદદ દ્વારા તમે ચઢી જાઓ છો અને એક ખૂણામાં ઉભા રહો છો. પછી તમે કહો છો, "ગમેતેમ, એક ખૂણો તો મળ્યો. ગાડીમાં આવી ગયો છું તેથી બસ. બીજી કોઈ વાતની પરવા નથી." સ્વર્ગ સંબંધી તમારા વિચારો શું આવા સંકુચિત છે કે એક ખૂણો મેળવીને બીજી કશી જ પરવા તમને નથી? તમે કદાચ કહેશો, "અમારે પ્રચારકો, યા સાધુ કે સન્યાસી જેવા થવું નથી, અમારે તો સંસારમાં રહેવું છે, પૈસા કમાવા છે, જગિક લોકોની મધ્યે વસવાનું છે, અમે કેવી રીતે બધાનો ત્યાગ કરી શકીએ?" આ રીતે દુશ્મન તમને છેતરે છે અને સ્વર્ગીય વારસામાં તમારો જે હિસ્સો છે તેનાથી તમને વંચિત રાખે છે. તમારે તમારા વારસાનો દાવો કરવાનો છે અને વિજયી જીવન જીવવા દ્વારા તેનો ઉપભોગ કરવાનો છે. પ્રકટી. ૨૧ : ૭ માં પ્રભુ પોતે કહે છે, "જે જીતે છે તેને એ સઘળાંનો વારસો મળશે; હું તેનો દેવ થઈશ, અને તે મારો પુત્ર થશે."

પોતાનાં માતા અથવા પિતાનો હાથ પકડીને ઉભેલા કોઈ બાળકને તમે પૂછો કે 'આ પુરૂષ કોણ છે?' અથવા 'આ સ્ત્રી કોણ

છે ?' તો તે કહેશે, 'એ મારા પિતા છે.' અથવા 'એ મારી માતા છે.' તે પોતાનો વારસો જાણે છે. નવી સૃષ્ટિની તમામ વસ્તુઓનો વારસો મેળવ્યા કરતાં પણ તમારો સૌથી મહાન દાવો તમારા પ્રભુ પર છે. તમે કહી શકશો "તે મારો પ્રભુ છે. મારો પોતાનો દેવ છે. હું ગમે ત્યારે અને ગમે ત્યાં તેની પાસે જઈ શકું છું." આ રીતે આપણને પૃથ્વી પર સ્વર્ગનો રસાસ્વાદ મળે છે.

નવા જીવનના શરૂઆતના દિવસોમાં તમે ઘુંટણે પડીને પ્રાર્થના કરો છો ત્યારે તમારી પ્રાર્થના જગિક બાબતો સંબંધી જ હોય છે. એક જહાજમાં એક બાળકી દરરોજ સવારે તેની ઢીંગલી લઈને જહાજના કપ્તાન સાથે રમવા જતી હતી. એક દિવસ તેની ઢીંગલી દરિયામાં પડી ગઈ. તેણે કપ્તાનને વિનંતી કરી કે જહાજને રોકે, કપ્તાને તેનું કારણ પૂછ્યું, તેણે કહ્યું, 'મારી ઢીંગલી દરિયામાં પડી ગઈ છે અને મારે તે જોઈએ છે.' કપ્તાને કહ્યું, "આવા મોટા જહાજને એક નાની ઢીંગલી માટે હું કેવી રીતે રોકું ? કોઈ માણસ દરિયામાં પડી જાય તો તો રોકું પણ નાની ઢીંગલીને માટે હું રોકી શકું નહિ.' બાળકીએ કહ્યું, "તમે બહુ ખરાબ માણસ છો. બહુ ખરાબ માણસ છો,' અને પછી ત્યાંથી જતી રહી. થોડા સમય બાદ જહાજ એક બંદરે પહોંચ્યું. બાળકી અને તેના માતાપિતા એક હોટલમાં ગયાં. કપ્તાન પણ તેજ સ્થળે ઉતર્યો. બાળકીને જોઈને તે એક દુકાનમાં ગયો અને એક મોટી, સુંદર ઢીંગલી ખરીદી. અને તેને હોટલમાં લઈ ગયો. ઢીંગલીના ખોખાને તેણે ટેબલ પર મૂક્યું અને બાળકીને બોલાવી." આવ તો, બેટી, જો, તારે માટે હું શું લાવ્યો છું." પણ બાળકીએ મોં ફેરવી લેતાં કહ્યું, "તમે બહુ ખરાબ માણસ છો." ત્યારે કપ્તાને ધીરેથી ખોખું ખોલ્યું, ઢાંકણું કાઢી લઈને તેને ઢીંગલી બતાવી.

બાળકીએ ઢીંગલી જોઈને કહ્યું," શું એ મારે માટે છે? મારે માટે છે? તમે બહુ જ સારા માણસ છો. અને તે કપ્તાનને વળગી પડી અને તેનો આભાર માન્યો.

આપણા સંબંધી પણ એવું જ છે. આપણે કેવળ જગિક બાબતોની માગણી દેવ પાસે કરીએ છીએ. જો દેવ આપણી પ્રાર્થનાનો જવાબ આપે તો આપણે કહીએ છીએ કે "દેવ બહુ સારો છે" આપણે હરેક સભામાં જઈએ છીએ, અનેક પ્રવૃત્તિઓમાં ભાગ લઈએ છીએ. પરંતુ જ્યારે સંકટ, કસોટી કે દુઃખો આવે, યા કુટુંબમાં કોઈનું મૃત્યુ થાય તો આપણે પૂછીએ છીએ, "દેવ ક્યાં છે? તે ક્યાં છે? હવેથી હું સભાઓમાં જવાનો નથી. અને તેને પૈસા પણ આપવાનો નથી. જુઓ તો ખરા! મેં તો કેટલા સારા કામ કર્યાં છે. છતાં દેવ મારા ઉપર જ આટલી બધી કસોટીઓ લાદે છે. તે મને ભૂલી ગયો છે, મને છોડી દીધો છે." શું આ સત્ય છે? તમે તેના બાળક છો. તેના માર્ગો તમારા માર્ગો કરતાં વધારે ઉંચા છે. તેણે તમને મહિમીત, સ્વર્ગીય વારસાને માટે તેડ્યા છે અને તમે જેટલી હદે વિજયી થાઓ છો. તેટલી હદે વારસાનો ઉપભોગ તમે કરી શકો છો. રૂમી. ૮ : ૧૮ માં આપણે વાંચીએ છીએ તે પ્રમાણે આપણાં દુઃખો ગમે તેવાં મહાન અને પીડાકારક હોય તો પણ આપણામાં અને આપણા દ્વારા જે મહિમા પ્રગટ થનાર છે. તેની સાથે સરખાવવાને યોગ્ય તે નથી. આપણે હૃદયપૂર્વક વિશ્વાસ કરવો પડશે કે દેવે આપણને તેના મહિમીત રાજ્યને માટે તેડ્યા છે. ૧ થેસ્સા. ૨ : ૧૨. હું વિશ્વાસ કરૂં છું કે દેવે મને તેના ગૌરવી રાજ્યને માટે તેડ્યો છે, અને જો આ સત્ય ઉપર આપણે વિશ્વાસ કરીએ તો તેના તેડાને યોગ્ય આપણે ચાલીશું.

મારે પાંચ ભાઈઓ છે. મારાથી નાનો ભાઈ કેટલાંક વર્ષો

અગાઉ એક ઉચ્ચ અધિકારી પદે આવ્યો. અમે એક વખત સાથે મુસાફરી કરતા હતા ત્યારે તેણે મને કહ્યું, "હું હવે ત્રીજા વર્ગમાં મુસાફરી કરી શકતો નથી." મેં તેને કહ્યું, "આટલાં વર્ષોથી તો તું ત્રીજા વર્ગમાં મુસાફરી કરતો આવ્યો છું." પણ તેણે જવાબ આપ્યો, "હવે તો હું મેજીસ્ટ્રેટ બન્યો છું. અને એ મારા હોદ્દાને શોભતું નથી. મારે પૈસા ઉધાર લેવા પડે તોપણ મારા હોદ્દાનું માન સંચવવા મારે પ્રથમ વર્ગમાં જ મુસાફરી કરવી જોઈએ." એક મહાન સત્યનું આ બહુ તુચ્છ ઉદાહરણ છે. તમારા દેવે તમને તેના રાજ્ય અને મહિમામાં તેડ્યા છે એવું તમે માનતા હો તો તે તેડાને યોગ્ય ચાલવાનો પ્રયત્ન તમે કરશો. તમે દેવનુ બાળક છો, તેના ભાગીદાર, તેનું પાત્ર, એક રાજા, રાજકુમાર અને યાજક છો. તેને યોગ્ય ચાલો.

આ ગૌરવી સ્વર્ગીય તેડાને માટે તૈયાર થવા સારૂ આપણે અનેક કસોટી, પરીક્ષણો કઠીણાઈઓ અને મુશ્કેલીઓ વેઠવા પડશે. આપણને કેવી રીતે તૈયાર કરવા તે તેને કહેવાનો આપણને અધિકાર નથી. તમે કોઈ કોલેજ યા વિશ્વવિદ્યાલયમાં જાઓ તો તમારા અધ્યાપકને કહી શકતા નથી, કે "શ્રીમાન અધ્યાપક, હું ગ્રેજ્યુએટ છું. હું ધનવાન કૂટુંબમાંથી આવું છું, અને તેથી કેવી રીતે શિક્ષણ આપવું તે હું તમને કહી શકું છું." આ રીતે બોલવાનો તમને કોઈ અધિકાર નથી. તે જે શિખવે તે તમારે શિખવું પડશે. કારણ કે તમારે માટે શ્રેષ્ઠ શું છે તે તે જાણે છે. કેવળ દેવ જ જાણે છે કે આપણે માટે સર્વોત્તમ શું છે, આપણને કેવી રીતે તાલિમ આપવી તે દેવ જ જાણે છે. અને તેની શિક્ષા, ધમકી, અને કસોટી એ જ ઉદ્દેશસર હોય છે.

વારસા સંબંધી બીજી એક બાબત છે. વારસો આપણે માતાપિતા દ્વારા મેળવીએ છીએ. દાખલા તરીકે, મારા પિતાના સ્વભાવ અને ચારિત્ર્ય, મને વારસામાં મળ્યાં છે. તમે જો મને, મારા પિતા તથા

દાદા સાથે જુઓ અને અન્ય કુટુંબીજનો સાથે જુઓ તો તમે કહેશો, "તમારી વચ્ચે ખુબ જ કૌટુંબિક સામ્ય છે." મારા પિતાને હાથ ઉંચો કરવાની આદત હતી અને મને પણ એ જ આદત છે. તેથી જેઓએ મારા પિતાને તથા મને, બન્નેને જોયા છે તેઓ જરૂર કહેશે, "તમે બિલકુલ તમારા પિતા જેવા જ છો."

કેટલાક જુવાનો ખુબ હોશિયાર હોય છે. તમે કહેશો, "એ પંજાબી ના જ હોઈ શકે, તે ઘણો હોશિયાર છે. કદાચ તે આન્ધ્ર પ્રદેશનો હોય. ના, ના, તે તો ખુબ જ હોશિયાર છે કદાચ તે બંગાળી હશે. ના., ના, તે એટલો હોશિયાર છે કે તે બંગાળી ના જ હોઈ શકે. તો એ કયાંનો છે? શું તે મલયાલી છે? હા, એ શકય છે. એ એટલો બધો હોશિયાર છે કે તે જરૂર મલયાલી હશે." આપણા માતાપિતા દ્વારા જે પ્રજાકિય વારસો છે તે પણ આપણને મળે છે. એ જ રીતે, દેવના બાળકો તરીકે, આપણા સ્વર્ગીય પિતાનું ચારિત્ર્ય, અને આપણી સ્વર્ગીય રાષ્ટ્રીયતાનાં લક્ષણો આપણામાં પ્રગટ થવા જ જોઈએ. પાપીઓ તરીકે આપણે પાપ, શરમ અને મલિનતાથી ભરપૂર છીએ, પણ બદલાણ પામ્યા પછી કેટલાક દિવ્ય ગુણો જણાય છે. તે કુટુંબ અથવા પેઢી દ્વારા આવતા નથી, પણ પ્રભુ ઈસુ ખ્રિસ્ત દ્વારા પ્રગટ થાય છે. આપણા પ્રભુના સદ્દગુણો જેવા કે, માયાળુપણું, નમ્રતા, પ્રેમ, સહનશીલતા, ધીરજ અને ખમી લેવાનો સ્વભાવ, આપણને આપવામાં આવે છે. આ આપણો સ્વર્ગીય વારસો છે જે આપણને માતાપિતા. શિક્ષકો, ઉપદેશકો કે અધ્યાપકો દ્વારા નહિ પણ દેવનું જીવન જે આપણામાં છે, તે દ્વારા મળે છે. તો પણ, આ સદ્દગુણો આપણા જીવન દ્વારા પ્રગટ થાય એ માટે આપણા પક્ષે તત્પરતા હોવી જરૂરી છે.

રાજવી કુટુંબમાં કોઈ બાળક જન્મે તો જન્મદિવસથી જ તે રાજકુમાર છે અને બધાં જ તે જાણે છે. બાળક ઘણું જ કાળું હોય, જાડા જાડા હોઠ, લાંબા કાન અને તાલીયું હોય તો પણ તે રાજકુમાર

છે દેવના બાળકો તરીકે આપણે રાજા અને યાજક છીએ. પ્રકટી. ૧: ૬ અનુસાર આ આપણો હક છે. આ શબ્દો કેવળ પ્રેરિતો, શહિદો અને પ્રબોધકો માટે જ છે એમ ના ધારશો. તે તો દરેકને માટે છે. પ્રભુ ઇસુ ખ્રિસ્તના રક્ત દ્વારા જેઓ ધોવાયા છે, સાફ થયા છે અને શુદ્ધિ પામ્યા છે તેઓ સ્વર્ગીય કુટુંબમાં જન્મ્યાં છે અને દેવને સારૂ રાજાઓ અને યાજકો બન્યા છે.

જુના જમાનામાં ભારત દેશમાં રાજકુમારો માટે એક ખાસ રાજવી મહાવિદ્યાલય હતું, ત્યાં તેઓને વાંચતા–લખતાં શીખવવામાં આવતું અને રાજાઓ તરીકે કેવી રીતે વર્તવું અને રાજ્ય કરવું એ પણ શીખવવામાં આવતું. એ જ રીતે દેવની જીવન કોલેજમાં આપણને શીખવવામાં આવે છે કે જીવનમાં કેવી રીતે રાજ કરવું અને સ્વર્ગીય રાજાના પુત્રો તરીકે કેવી રીતે વર્તવું.

આ દિવસોમાં કોલેજમાં જગ્યા મેળવવી બહુ મુશ્કેલ હોય છે. એક કોલેજથી બીજી કોલેજમાં અને એક શહેરથી બીજા શહેરમાં જગ્યા માટે તેઓ પ્રયત્ન કર્યા કરે છે. પરંતુ તાલિમ આપવાની દેવની પદ્ધતિ બહુ જુદી છે. ઉદાહરણ તરીકે દાઉદનું જીવન જુઓ. દાઉદ તેના દુશ્મનોની સામેથી નાસી છુટ્યો અને અદુલ્લામની અંધારી ગુફામાં તેણે આશ્રય લીધો. તેણે ધાર્યું હશે કે દેવે તેને તજી દીધો છે, જો કે તે રાજા બનવાનો હતો, હરેક રીતે કાબેલ પુરૂષ હતો અને દેવનો દિલપસંદ પુરૂષ પણ હતો, તોપણ શા માટે દેવે તેને અરણ્યમાં, ગુફામાં અને એકાંત સ્થળોમાં ભટકવા દીધો? આઠ લાંબા વર્ષો સુધી શાઉલ તેનો પીછો પકડે એવું તેણે શા માટે થવા દીધું? તે તો દાઉદને માટે દેવની કોલેજ હતી, દેવનું વિશ્વવિદ્યાલય હતું; ત્યાં તે અનેક મહાન, દિવ્ય સત્યો શિખ્યો, ત્યાં તેણે અનેક નવાં ગીતો રચ્યાં, અને ત્યાં દેવે તેને અનેક શુરવીર પુરૂષો સહકર્મીઓ થવાને આપ્યા. વર્ષો વિત્યા પછી, તેણે હરેક પરીક્ષા પસાર કર્યા બાદ એક દિવસ દેવે પોતે તેને દર્શન આપ્યું અને તેને સ્વર્ગીય યોજના

આપી. ૧ કાળ. ૨૮ : ૧૯ માં દાઉદ કહે છે તે પ્રમાણે મંદિરની યોજના તેને આપવામાં આવી. "દાઉદે કહ્યું કે એ સર્વ વિષેની એટલે એ નમૂનાના સર્વ કામ વિષેની યહોવાહ તરફના લેખથી મને સમજણ પાડવામાં આવી છે." હું માનું છું કે તે દિવસ જ્યારે પ્રભુને હાથ તેના ઉપર હતો તે દિવસ દાઉદના જીવનમાં સૌથી વધુ આનંદને દિવસ હતો અને સ્વર્ગીય નમુનાને તે આધીન થયો. પરંતુ આરંભમાં જ આ માન દેવ તેને આપી શકયો નહિ તૈયાર થવા સારૂ તેને હરેક પ્રકારની કસોટીમાંથી પસાર થવું પડયું. આ દિવ્ય પદ્ધતિ દ્વારા, શકય છે કે દેવ તમને તાલિમ આપી રહ્યો છે અને તૈયાર કરી રહ્યો છે. તમારા જીવનમાં એક દિવસ આવશે જ્યારે તમે પણ દેવની સ્વર્ગીય યોજનાને સ્પષ્ટ રીતે જોશો.

વળી, વારસા દ્વારા તમને ભવિષ્યમાં કંઈક મળશે. દેવના રાજવી કુટુંબમાં જો તમે જન્મ્યા છો તો તમે જાણો છો કે એક દિવસ તમારે તેના રાજ્યમાં અનંતકાળને માટે રાજ્ય કરવું પડશે અને તેને માટે તમને તૈયાર કરવામાં આવ્યા છે. વિકટોરીયા રાણી જ્યારે નાની છોકરી હતી ત્યારે તેને ખબર નહોતી કે તે એક રાણી બનવાની છે. તેને ઢીંગલીઓ સાથે રમવાનો બહુ જ શોખ હતો. અને કુટુંબમાં જે લોકો હતા તેમને સૂચના આપવામાં આવી હતી કે તેને કહેશો નહિ કે તે એક દિવસ રાણી બનવાની છે. છેવટે એકવાર તેને ખબર પડી ગઈ કે તે પોતે ગાદી માટે હકદાર હતી. મહેલમાં બધાને તે પૂછવા લાગી કે 'શું એ સત્ય છે? એ સત્ય છે? શું સાચે જ હું ઇંગ્લેન્ડ દેશની રાણી બનવાની છું?" તે દિવસથી ઢીંગલીઓ સાથે રમત રમવાનું તેણે છોડી દીધું. તે ગંભીર બની ગઈ અને કહ્યું, "મારે એક વિશાળ રાજ્ય પર હકુમત ચલાવવાની છે. મારે બહુ જ ગંભીર થવું જોઈએ." આપણે પણ હાલ શીખવું પડશે કે કેવી રીતે રાજ્ય કરવું. વારસાની રૂએ આપણને દેવનું પૂરૂં સામર્થ્ય આપવામાં આવે છે. પણ તેનો ઉપયોગ કરતાં આપણે શિખવું પડશે અને જે

ઉદ્દેશસર હાલ આપણને તૈયાર કરવામાં આવે છે.

એજ રીતે, કોઈ ધનિકની મિલ્કતના વારસદાર તમે બનો તો તેનો અમલ કરતાં તમારે શિખવું પડશે, ભારતમાં કેટલાક રાજકુમારો પોતાની મિલ્કતને મજબુત ઘરોમાં રાખી મૂકે છે. બહુ સંતોષપૂર્વક તેઓ કહે છે, "મારે કેટલી મિલ્કત છે. હિરા, મોતી, સોનું, રૂપું, જવાહિર, વિ. પરંતુ તે ધન માત્ર ત્યાં જ રહે છે. જે સ્વર્ગીય ધન છે તેનો તો ઉપયોગ કરવાનો છે. અને તેને અર્થે આપણને તૈયાર કરવામાં આવે છે.

વળી, ધંધાકિય આવડત પણ ઘણીવાર વારસામાં મળે છે. બાળપણથી જો કોઈ ધંધો તમે શિખો તો નાની ઉંમરે તમે સુથાર કે સોની બની શકો. એ જ ધંધો શીખતા બીજા લોકોને અનેક વર્ષો લાગે. પરંતુ સોનીના ઘરમાં જે જન્મ્યો હોય તેને તે ધંધો શિખતાં વાર લાગતી નથી. એજ રીતે નવા જન્મના સમયથી માંડીને તમે દેવના જ્ઞાનમાં હિસ્સો ધરાવો છો. અને પ્રભુ ઈસુ ખ્રિસ્તના સહકાર્યકર બનો છો.

છેવટે દેવનો પોતાનો વારસો બનવા સારૂ આપણને પસંદ કરવામાં આવ્યા છે. માતાપિતા સંપત્તિની વહેંચણી કરે ત્યારે હરેક બાળકને હિસ્સો મળે છે. પણ એજ સમયે બાળકો તરફથી જો તેઓને કાંઈ મળે તો માતાપિતા બહુ ખુશ થાય છે. માતાપિતા પોતાનો પ્રેમ બાળકોને આપવા ઝંખે છે. આપણો સ્વર્ગીય પિતા સનાતન પ્રેમથી આપણને ચાહે છે. એ આપણો સ્વર્ગીય વારસો છે. સ્વર્ગીય પિતા, મિત્ર અને વરરાજા તરીકેના તેના પ્રેમને આપણે પૂરી રીતે માણીએ. પરંતુ આપણામાં તૃપ્તિ પામવા તે પણ ઝંખે છે. આપણે તેના પર કેટલો પ્રેમ કરીએ છીએ? અફસોસ! કેટલી બધી વાર આપણા સ્વર્ગીય વારસા વિષે આપણે શરમાઈએ છીએ.

હું જ્યારે નિશાળની હોસ્ટેલમાં રહેતો હતો ત્યારે એકવાર મારા પિતાજી મને મળવા આવ્યા. તે તો બહુ જુની ઢબના પુરૂષ હતા;

માથે મોટી પાઘડી અને લાંબી ધોતી તથા ગામડાના મોટા જોડા પહેરીને તેઓ આવ્યા હતા તેઓ મને મળવા આવ્યા અને મારે માટે ઘી, મીઠાઈ તથા પૈસા લાવ્યા હતા. પછી મારા એક મિત્રે તેમને જોયા. તેથી મને બહાર બોલાવીને પૂછ્યું, 'એ માણસ કોણ છે?' મેં કહ્યું કે એ તો અમારા ગામનો એક ડોસો છે. મારી ભૂલ પ્રત્યે તમે હસશો પણ એ સાવ સત્ય વાત છે. મારા પિતાના આપેલા પૈસા અને અન્ય વસ્તુઓ મેં લીધાં પરંતુ મારા પિતા છે એમ કબુલ કરતાં હું શરમાતો હતો. અરે, મારા માટે તેઓ અંગ્રેજ લોકોના જેવો સુટ પણ લાવ્યા હતા, અને છતાં હું એવો ઘમંડી યુવાન હતો કે તેમને મેં નાકબુલ કર્યા.

અફસોસ, ઘણા એવા વિશ્વાસીઓ છે. જેઓ પ્રભુ ઈસુ ખ્રિસ્તને તેમના અંગત તારનાર તરીકે કબુલ કરતાં શરમાય છે. અને છતાં ય જ્યારે મુશ્કેલીઓ આવી પડે છે ત્યારે પોકારે છે, 'ઓ પ્રભુ, મને મદદ કરો, મને તમારી સહાયની જરૂર છે.' પ્રભુ ખુશીથી મદદ કરે છે પણ તેથી તેના હૃદયને સંતોષ મળતો નથી. તે તો ચાહે છે કે આપણે તેની સાથે સંપૂર્ણ રીતે એક થઈએ, તેના સંપૂર્ણ અધિકાર નીચે હોઈએ, અને વરરાજાને માટે જેમ કન્યા હોય છે તેવા આપણે તેના પ્રત્યે હોઈએ એ જ આપણો તથા તેનો અનંત સ્વર્ગીય વારસો છે. પ્રભુ આપણને આ ગૌરવી વારસા માટે વધુ ને વધુ ઊંડી ઝંખના આપો અને તેનો સાચો અર્થ સમજાવો.

આવો, આપણે ફરીથી ગીત. ૧૦૬ : ૪, ૫ વાંચીએ અને આ શબ્દો આપણા જીવનમાં સત્ય બને એવું ચાહીએ આપણા હૃદયો અધિક રીતે આ ત્રણ વસ્તુઓની ઝંખના કરો; દેવના પસંદ કરેલાઓનું કલ્યાણ જોવું અને જાણવું. તેની પ્રજાના આનંદમાં આનંદ માણવો, અને તેના વારસની સાથે હર્ષનાદ કરવો, જેથી આપણે અને તે અનંતકાળ સુધી તે વારસાનો આનંદ માણીએ. —આમેન.